RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 136* Date: 06.03.2023, Monday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### સિસોદિયા મામલે વિપક્ષના ૯ નેતાઓએ વડાપ્રધાનને પત્ર લખ્યો

# મનિષ સિસોદિયાની ધરપકડે દર્શાવ્યું કે આપણે લોકશાહીમાંથી સરમુખત્યારશાહીમાં આવી ગયા છીએ

### સીબીઆઈ અને ઈડી જેવી તપાસ એજન્સીઓના દુરુપયોગ બદલ ભાજપની આકરી ટીકા પણ કરી



નવીદિલ્હી,તા.૫

દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાની ધરપકડ બાબતે વિપક્ષના ૯ નેતાઓએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો છે. આ નેતાઓમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પણ સામેલ છે. પત્રમાં લખવામાં આવ્યું છે કે મનીષ સિસોદિયાની ધરપકડ દર્શાવે છે કે ભારત એક લોકતાંત્રિક દેશમાંથી સરમુખત્યારશાહી શાસનમાં ફેરવાઈ ગયો છે.ખરેખરમાં, શનિવારે રાઉઝ એવન્યુ કોર્ટમાં સિસોદિયાને હાજર કરવામાં આવ્યા હતા. અહીં તેમની જામીન અરજી બાબતે સુનાવણી થવાની હતી, પરંતુ કોર્ટે ૧૦ માર્ચ સુધી જામીન પર ચુકાદો સુરક્ષિત રાખ્યો અને સીબીઆઇને તેમના વધુ ૨ દિવસના રિમાન્ડ આપ્યા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જેમણે પત્ર લખ્યો છે તેમાં બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી, દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલ, બીઆરએસ ચીફ ચન્દ્રશેખ રાવ, પંજાબના સીએમ ભગવંત માન, રાજદ નેતા તેજસ્વી યાદવ, નેશનલ કોન્ફરન્સના નેતા ફારુક અબ્દુલ્લા, રાકાંપા ચીફ શરદ યાદવ, શિવસેના ઠાકરે ગ્રુપના ચીફ ઉદવ ઠાકરે, સપા ચીફ અખિલેશ યાદવનો સમાવેશ થાય છે

વડાપ્રધાનને લખેલો સંપૂર્ણ પત્ર...

આદરણીય વડાપ્રધાનજી, અમને ભરોસો છે કે તમે હજી પણ અનુભવો છો કે ભારત એક લોકશાહી દેશ છે. વિપક્ષી નેતાઓ સામે કેન્દ્રીય એજન્સીઓનો મનસ્વી ઉપયોગ તે દર્શાવે છે કે આપણે લ ા ે ક શ ા હ ી મ ા ં થ ા ી સરમુખત્યારશાહીમાં ફેરવાઈ ગયા છીએ. લાંબી તપાસ બાદ મનીષ સિસોદિયાની સીબીઆઈ દ્વારા ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ ધરપકડ કરવામાં આવી હતી.ગેરરીતિના કથિત આરોપમાં આ ધરપકડ કરવામાં આવી હતી અને તે પણ કોઈ પુરાવા દર્શાવ્યા વિના.

સિસોદિયાજી પર લાગેલા આરોપો સંપૂર્ણપણે પાયાવિહોણા છે. આ રાજકીય ષડયંત્ર હેઠળ કરવામાં આવેલી કાર્યવાહી છે. આ ધરપકડથી રાષ્ટ્રની જનતામાં રોષ ફેલાઈ ગયો છે. મનીષ સિસોદિયા દિલ્હીના શાળા શિક્ષણમાં બદલાવ માટે વિશ્વભરમાં જાણીતી છે. બદલાની ભાવના સાથે તેમની ધરપકડને દુનિયાભરમાં રાજકીય કાર્યવાહીને ઉદાહરણ તરીકે જોવામાં આવી રહી છે. આ વાત એ બાબતની પણ પુષ્ટિ કરી રહી છે કે આખું વિશ્વ જે અંગે આશંકિત છે કે ભાજપના સરમુખત્યારશાહી શાસન દરમિયાન ભારતના

તમારા શાસનમાં ૨૦૧૪થી અત્યાર સુધી ધરપકડ કરાયેલ, દરોડા અથવા પૂછપરછ કરાયેલ મોટાભાગના રાજકારણીઓ વિપક્ષના નેતાઓ છે. રસપ્રદ વાત એ છે કે તે નેતાઓ સામે કેન્દ્રીય એજન્સીઓની તપાસ ધીમી પડી જાય છે જેઓ બાદમાં ભાજપમાં જોડાઈ જાય છે. ઉદાહરણ તરીકે, કોંગ્રેસના પૂર્વ નેતા અને આસામના વર્તમાન સીએમ હેમંત બિસ્વા સરમા. સીબીઆઇ અને ઈડીએ ૨૦૧૪-૨૦૧૫માં શારદા ચિટ ફંડ કૌભાંડમાં તેમની સામે તપાસ શરૂ કરી હતી. જોકે, તેઓ ભાજપમાં જોડાયા ત્યારથી કેસ આગળ વધ્યો નથી.

એ જ રીતે, તૃણમૂલ નેતા શુભેન્દુ અધિકારી અને મુકુલ રોય નારદા સ્ટિંગ ઓપરેશન કેસમાં ઈડી અને સીબીઆઇના રડાર પર હતા. વિધાનસભાની ચૂંટણી પહેલા આ લોકો ભાજપમાં જોડાયા અને ત્યારથી આ કેસમાં કોઈ ખાસ તપાસ કરવામાં આવી નથી. મહારાષ્ટ્રના નારાયણ રાણેનો કેસ જુઓ. આવા અનેક ઉદાહરણો છે. ૨૦૧૪થી વિપક્ષી પાર્ટીઓના નેતાઓ પર દરોડા, તેમની સામેના કેસ અને તેમની ધરપકડમાં વધારો થયો છે. રાષ્ટ્રીય જનતા દળના લાલુ પ્રસાદ યાદવ હોય, શિવસેનાના સંજય રાઉત હોય, સમાજવાદી પાર્ટીના આઝમ ખાન હોય, એનસીપીના નવાબ મલિક અને અનિલ દેશમુખ હોય કે પછી તૃણમૂલના કોંગ્રેસના અભિષેક બેનર્જી હોય, આ બધા નેતાઓ સામે તપાસ એજન્સીઓ દ્વારા જે પ્રકારની કાર્યવાહી કરવામાં આવી છે તે સંદેશ આપે છે કે તેઓ કેન્દ્ર સરકારના કહેવાથી આ કાર્યવાહી કરી રહી છે.

વિપક્ષના દિગ્ગજ નેતાઓને જે રીતે ટાર્ગેટ કરવામાં આવી રહ્યા છે તે એ આરોપને સમર્થન આપે છે કે તમારી સરકાર તપાસ એજન્સીઓની મદદ લઈને વિપક્ષને ખતમ કરવાનો પ્રયાસ કરી રહી છે. ઈડી એકમાત્ર એવી નથી જેમાં તમારી સરકાર પર એજન્સીઓનો દુરુપયોગ કરવાનો આરોપ છે.

તે સ્પષ્ટ છે કે આ એજન્સીઓની પ્રાથમિકતાઓ ખોટી છે. ઈન્ટરનેશનલ ફોરેન્સિક ફાઈનાન્સિયલ રિસર્ચ રિપોર્ટ પછી એસબીઆઇ અને એલઆઈસી એક કંપનીને કારણે તેમના શેરને માર્કેટ કેપિટલાઇઝેશનમાં રૂ. ૭૮ હજાર કરોડથી વધુનું નુકસાન થયું છે. શા માટે આ એજન્સીઓને આ કંપનીની આર્થિક બાબતોની તપાસ કરવા માટે લગાવવામાં આવી નથી, જયારે જનતાના નાણાનું આ કંપનીઓમાં રોકાણ છે?

### ભાજપે ડીએમકે પર પ્રહારો કર્યા

## ડીએમકે મંત્રીએ તેમને પાણીપુરીવાળો કહ્યો : સાથીઓએ પલાયનની માંગ કરી : અન્નામલાઈ

ચેન્નાઇ,તા.૫

તાજેતરમાં સોશલ મીડિયા પર એક વાયરલ વીડિયોમાં બિહાર અને અન્ય હિન્દી ભાષી ક્ષેત્રોના પ્રવાસી મજદુરો પર હુમલાના અહેવાલો સામે આવ્યા હતાં બિહારના મુખ્યમંત્રી નીતીશકુમાર અને નાયબ મુખ્યમંત્રી તેજસ્વી યાદવે પણ આ માલા પર તમિલનાડુ સરકાર પર સવાલ ઉઠાવ્યા હતાં આ બધા વચ્ચે તમિલનાડુ ભાજર પ્રમુખ કે અન્નામલાઈએ કહ્યું કે તમિલનાડુમાં પ્રવાસી કામદારો પર હુમલાની બાબતમાં સોશલ મીડિયામાં નકરી ખબરો જોઇ દુખ થાય છે .કે. અન્નામલાઈએ કહ્યું કે તમિલનાડુમાં પ્રવાસી મજદુરો પર હુમલાની બાબતમાં સોશલ મીડિયામાં ફેલાવવામાં આવી રહીલ નકલી ખબરોને જોવું નિરાશાજનક છે.અમે તમિલ લોકો ધ વર્લ્ડ ઈઝ વનની અવધારણામાં વિશ્વાસ કરે છે અને પોતાના ઉત્તર ભારતીય દોસ્તોની વિરૂધ્ધ અલગાવવાદ અને નફરતને સમર્થાન કરતા નથી ડીએમકે જે વિભાદન માટે હંમેશા ઉભી રહી છે તે તેને કાપવા માટે પાછા આવી રહ્યાં છે અને હવે તે તેમની જવાબદારી છે કે તે આ સ્થિતિને યોગ્ય કરે અને તેના માટે તેને ખતમ કરવાની એક તક છે.

ડીએમકે મંત્રીએ તેમને પાણીપુરીવાળા કહ્યાં અને તેના સાથીઓએ તેમના પલાયનની માંગ કરી.આ બધાને કારણે જ આ બધુ થઇ રહ્યું છે જે આજે આપણે જોઇ રહ્યાં છીએ.તેમણે કહ્યું કે તમિલનાડુની સામાન્ય જનતા વિકાસ નિર્માણ ઉદ્યોગ અને સેવા ક્ષેત્રમાં અમારા પ્રવાસી ભાઇઓ અને બહેનોના યોગદાનનો સ્વીકાર કરી રહી છે અને તેમનું સ્વાગત કરી રહ્યાં છે. બીજુ બાજુ બિહારના મુખ્યમંત્રી નીતીશકુમારે તમિલનાડુમાં પ્રવાસી મજદુરો પર હુમલાના અહેવાલો પર મોટું નિવેદન આપ્યું છે.તેમણે કહ્યું કે ડીએમકે શાસિત રાજયમાં પ્રવાસી મજદુરો પર કહેવાતા હુલાના દાવાને ધ્યાનમાં રાથી રાજય સરકારની એક ટીમ તમિલનાડુનો પ્રવાસ કરવા અને સ્થિતિની સમીક્ષા કરવા માટે તૈયાર છે.

આ દરમિયાન તિરૂપુર પ્રશાસન અને પોલીસે સ્પષ્ટ કર્યું કે તમિલનાડુમાં પ્રવાસી શ્રમિકો પર કહેવાતા હુમલા બતાવનાર વાયરલ વીડિયો નકલી છે અને આવી અફવા ફેલાવનારાઓની વિરૂધ્ધ કાર્યવાહી કરવામાં આવશે.બિહાર પોલીસે પણ પોતાના ટ્વિટર એકાઉન્ટ પર લખ્યું તમિલનાડુના કોયંબટૂર જીલ્લામાં પ્રવાસી શ્રમિકોની ફરિયાદોના ઉકેલ માટે એક સમિતિની રચના કરી છે જેના માધ્યમથી પ્રાપ્ત ફરિયાદો પર તાકિદે કાર્યવાહી કરી તેનું નિવારણ કરવામાં આવી રહ્યું છે આ સાથે જ વિવિધ હેલ્પલાઈન નંબર પણ જારી કરવામાં આવ્યો છે.પોતાના આગામી ટ્વીટમાં બિહાર પોલીસે લખ્યું કોયંબટુર ઉત્તરી પ્રક્ષેત્રના પોલીસ મહાનિરીક્ષક,તમિલનાડુના અન્ય પોલીસ પદાધિકારી,પ્રશાસનિક પદાધિકારીઓ અને પ્રવાસી બિહારના લોકોથી જરૂરી વાર્તા કરવામાં આવી રહી છે.બિહાર પોલીસ દ્વારા સ્થિતિ પર સતત દેખરેખ રાખવામાં આવી રહી છે.રાજય સરકારના નિર્દેશ પર તમિલનાડુ રાજયમાં બિહાર રાજયના કેટલાક નિવાસીઓની સાથે હિંસાત્મક ઘટનાઓ સંબંધિત સોશલ મીડિયા પર વીડિયો પ્રસારિત કરવાના આલોકમાં તમિલનાડુ રાજયમાં કાર્ય કરી રહેલ બિહારના નિવાસીઓથી મળી તેમની સમસ્યાઓને જાણવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

## કપિલ સિબ્બલ દેશમાં અન્યાયથી લડવા માટે વકીલોની સાથે મળી અભિયાન ચલાવશે

નવીદિલ્હી,તા.૫

રાજયસભાના સભ્ય અને પૂર્વ કેન્દ્રીય મંત્રી કપિલ સિબ્બલે ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વની કેન્દ્ર સરકારના કાર્યકાળમાં દેશમાં મોજુદ અન્યાયથી લડવા માટે એક નવા મંચની જાહેરાત કરી છે અને આ કામમાં બિન ભાજપાઇ મુખ્યમંત્રીઓ અને નેતાઓ સહિત તમામને તેમને સહયોગ કરવાની અપીલ કરી છે.સિબ્બલે અહીં પત્રકારો સાથેની વાતચીત કરતા કહ્યું કે તે ન્યાયની વિરૂધ્ધ લડાઈમાં લોકોની મદદ કરવા માટે ઈસાફ મંચ અને ઈસાફના સિપાહી નામની વેબસાઈટ શરૂ કરી રહ્યાં છે અને આ પહેલમાં વકીલ મુખ્ય ભૂમિકા નિભાવશે તેમણે કહ્યું કે તે ૧૧ માર્ચે જંતર મંતર પર આ પહેલના સંબંધમાં એક બેઠક કરશે અને ભારત માટે દૃષ્ટિકોણ રજુ કરશે

સિબ્બલે કહ્યું કે આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે વિરોધ પક્ષના નેતાઓ અને સામાન્ય લોકો સહિત તમામને ખુલ્લુ આમંત્રણ છે.તેમણે પોતાની પહેલ માટે બિન ભાજપાઇ મુખ્યમંત્રી અને નેતાઓથી સમર્થન આપવાની વિનંતી કરી.તેમણે કહ્યું કે આ રાષ્ટ્રીય સ્તરનું એક મંચ હશે જેમાં વકીલ સૌથી આગળ હશે.

આરએસએસની શાખા પણ દરેક વિસ્તારમાં પોતાની વિચારધારાનો પ્રસાર કરી રહી છે જે અન્યાયને જન્મ આપે છે.અમે તે અન્યાયથી પણ લડીશું.વરિષ્ઠ વકીલે તેને લોકોનો મંચ બતાવ્યો અને એ અટકળોને રદ કરી દીધી છે કે તે કોઇ રાજનીતિક પક્ષની શરૂઆત કરી રહ્યાં છે.

તેમણે એ પણ કહ્યું કે વડાપ્રધાન મોદી બધા કામ ખોટા કરી રહ્યાં નથી ડિઝિટલાઈજેશન,આવાસ યોજના સારી યોજના છે પરંતુ જયાં અન્યાય હશે તેમની વિરૂધ્ધ લડવાની જરૂરત છે સિબ્બલે સ્પષ્ટ કર્યું કે તે રાજનીતિક પક્ષ બનાવી રહ્યાં નથી તેમણે કહ્યું કે આ દેશના લોકો માટે છે મને લાગે છે કે મોદી પણ તેનો વિરોધ કરશે નહીં જો કે તેમણે કટાક્ષ કરતા કહ્યું કે વડાપ્રધાન મોદીનો વિરોધ કરવા માટે બેઠા નથી પરંતુ તેમને સુધારી દેશે.આ પહેલા તેમણે રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રાની પ્રશંસા કરતા કહ્યું હતું કે રાહુલ ગાંધી સમાજના અલગ અલગ તત્વોને એક સાથે લાવવામાં સફળ રહ્યાં છે અને તેમનો એ અહેસાસ અપાવ્યો છે કે દેશમાં એકતા કેટલી જરૂરી છે.

જો કે સિબ્બલ ગત વર્ષ કોંગ્રેસ છોડી સમાજવાદી પાર્ટીમાં સામેલ થયા હતાં અને સપાએ તેમને રાજયસભાના સભ્ય બનાવ્યા હતાં.

## મતદારોનો મુક્તપણે મતદાન કરવાનો અધિકાર છીનવાઈ ગયો છે : પૂર્વ મુખ્યમંત્રી માણિક સરકાર

અગરતલ્લા,તા.૫

ત્રિપુરા વિધાનસભા ચૂંટણીમાં મળેલી શાનદાર જીત બાદ ભાજપ નિશાના પર છે. ભારતીય કોમ્યુનિસ્ટ પાર્ટી-માર્કસવાદી નેતા અને પૂર્વ મુખ્યમંત્રી માણિક સરકારે ચૂંટણી પરિણામને અણધારૂ ગણાવ્યું છે. તેમણે કહ્યું કે તે સ્પષ્ટ છે કે રાજયના ૬૦ ટકા મતદારોએ ભાજપને મત આપ્યો નથી, પરંતુ ભાજપના વિરોધીઓના ભાગલાને કારણે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. તેમણે કહ્યું કે રાજયમાં કંઈ કામ થયું નથી, સરકારની કામગીરી શૂન્ય છે અને લોકશાહી પર હુમલા થઈ રહ્યા છે.માણિક સરકારે આરોપ લગાવ્યો કે મતદારોનો મુક્તપણે મતદાન કરવાનો અધિકાર છીનવાઈ ગયો છે. તેમણે વધુમાં આક્ષેપ કર્યો હતો કે એવા ઘણા કારણો છે જેના કારણે ભાજપ વિરોધી મતદારો વિભાજિત થયા હતા. તેણે કહ્યું, “પરિણામ કંઈક અલગ છે. એક વાત સ્પષ્ટ છે કે ૬૦ ટકા મતદારોએ ભાજપને મત આપ્યો નથી. ભાજપ વિરોધી મતોનું વિભાજન થયું. ઘણી વસ્તુઓ થઈ. લોકો કહેવા લાગ્યા છે કે ભાજપને ફરી સત્તામાં લાવવા કોણે મદદ કરી? તે ખૂબ જ સ્પષ્ટ છે, પરંતુ મને કોઈ પક્ષનું નામ લેવાનું પસંદ નથી.ટીપ્રા મોથા પાર્ટી ૧૩ બેઠકો જીતીને બીજા ક્રમે છે. ભારતીય કોમ્યુનિસ્ટ પાર્ટી (માર્કસવાદી)ને ૧૧ બેઠકો મળી હતી, જ્યારે કોંગ્રેસને ત્રણ બેઠકો મળી હતી. બીજી તરફ, ઈન્ડીજીનસ પીપલ્સ ફ્રન્ટ ઓફ ત્રિપુરા એક સીટ જીતીને પોતાનું ખાતું ખોલવામાં સફળ રહ્યું. આ વખતે પૂર્વોત્તરમાં સીપીઆઇ એમ અને કોંગ્રેસ, કેરળમાં કટ્ટર હરીફો, ભાજપને સત્તા પરથી હટાવવા માટે એકસાથે આવ્યા હતા.

સીપીઆઈ અને કોંગ્રેસનો સંયુક્ત વોટ શેર લગભગ ૩૩ ટકા રહ્યો હતો.૨૦૧૮ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપ પોતાનું ખાતું પણ ખોલાવી શક્યું નથી. પાર્ટી આઈપીએફટી સાથે ગઠબંધન કરીને સરકાર ચલાવી રહી હતી, જેણે ૧૯૭૮ થી ૩૫ વર્ષના સીપીઆઈના શાસનને સમાપ્ત કર્યું.

## મુખ્તાર અન્સારીના મિત્રના ઘર પર ચાલ્યુ ‘બાબાનુ બુલડોઝર’

ગાઝીપુર,તા.૫

ઉત્તર પ્રદેશના ગાઝીપુરમાં માફિયા ડોન મુખ્તાર અન્સારીના મિત્ર એવા કમલેશ પ્રધાનના ઘર પર પણ બાબાના બુલડોઝરે દસ્તક આપી છે. રવિવારે સવારે લગભગ એક ડઝન બુલડોઝરની મદદથી ફુલ્લનપુર ચોકડી પર કમલેશ પ્રધાનના ઘરને તોડી પાડવામાં આવ્યું છે .આપને જણાવી દઈએ કે, કમલેશ પ્રધાનનું થોડાં વર્ષ પહેલાં અવસાન થયુ છે. જો કે, ગાઝીપુરના ડીએમએ મે ૨૦૨૨ માં ગેરકાયદેસર રીતે બનેલા તેમના ઘરને તોડી પાડવાનો આદેશ જારી કર્યો હતો.

આપને જણાવી દઈએ કે, કમલેશ પ્રધાનના આ મકાનમાં તે સમયે કોમર્શિયલ ટેક્સ ડિપાર્ટમેન્ટ અને યુનિયન બેક્રની ઓફિસ કાર્યરત હોવાથી વહીવટીતંત્ર તે સમયે આ મકાન તોડી શક્યુ ન હતુ. હવે ગૃહમાં મુખ્યમંત્રી યોગીનું કડક વલણ જોઈને જિલ્લા વહીવટીતંત્ર ફરી એકવાર એક્શનમાં આવી ગયુ છે.

રવિવારે સવારે મોટી પોલીસ ફોર્સ સાથે આ મકાન પર પહોંચેલા વહીવટી અધિકારીઓએ ચારે બાજુથી બુલડોઝર લગાવીને આ મકાનને તોડી પાડવાની કવાયત શરૂ કરી છે.

## કર્ણાટકના શિક્ષણમંત્રીએ લીધો એવો નિર્ણય કે જેનાથી હિજાબનો મુદ્દો ફરી ગરમાઈ શકે

બેંગ્લુરૂ,તા.૫

કર્ણાટકમાં હિજાબનો મુદ્દો ફરી એકવાર ગરમાઈ શકે છે. શિક્ષણમંત્રી બી.સી.નાગેશે કહ્યું કે હિજાબ પહેરતી વિદ્યાર્થિનીઓને ૯ માર્ચથી શરૂ થતા બીજા પ્રી-યુનિવર્સિટી કોર્સ(પીયુસી)ની પરીક્ષામાં બેસવા નહીં દેવામાં આવે. તેમણે કહ્યું કે ગત વર્ષની જેમ આ વર્ષે પણ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓએ સ્કૂલ ડ્રેસ પહેરીને જ આવવું પડશે.

હિજાબ પહેરતી વિદ્યાર્થિનીઓને પરીક્ષામાં બેસવાની મંજૂરી નહીં મળે. નિયમોનું પાલન બધાએ કરવું પડશે.

શિક્ષણ સંસ્થાન અને સરકાર નિર્ધારિત નિયમો અનુસાર જ કામ કરશે. શિક્ષણમંત્રીએ કહ્યું કે હિજાબ પર પ્રતિબંધ મૂકાયા બાદથી પરીક્ષામાં બેસતી મુસ્લિમ વિદ્યાર્થિનીઓની સંખ્યામાં સુધારો થયો છે. જોકે તેમણે પોતાના દાવા સાબિત કરવા માટે કોઈ સચોટ આંકડો જણાવ્યો નહોતો.

મંત્રીએ કહ્યું કે હિજાબ પર પ્રતિબંધ પછી વધારે મુસ્લિમ વિદ્યાર્થિનીઓ પરીક્ષમાં સામેલ થઇ હતી. હવે આ સંખ્યામાં મોટો વધારો નોંધાયો છે.

અમારા આંકડા જણાવે છે કે હિજાબ કેસ બાદ પરીક્ષા આપનારી મુસ્લિમ વિદ્યાર્થિનીઓની સંખ્યા અને તેમના નોમિનેશનના પ્રમાણમાં વધારો નોંધાયો છે.

NEWS OF GANDHINAGAR_P-1

## તંત્રી સ્થાનેથી...

# પંજાબમાં તોળાતો આતંકનો ખતરો

*પંજાબ આતંકવાદના એક ભયાનક દોરમાંથી પસાર થઈ ચૂક્યું છે. થોડા દાયકા પહેલાં પાકિસ્તાને ખાલિસ્તાન સમર્થકોના પક્ષમાં પોતાની પૂરી તાકાત ઝીંકી દીધી હતી. આતંકવાદીઓને આધુનિક હથિયારો ઉપલબ્ધ કરાવ્યાં અને પ્રશિક્ષણ આપ્યું જેથી તે ભારતની પશ્ચિમી સીમાને ખંડિત કરી શકે. લગભગ ૧૦ વર્ષ સુધી પંજાબમાં મોતનો નગ્ન નાચ થતો રહ્યો. અંતે આતંકવાદીઓ અને પાકિસ્તાનની હાર થઈ, પરંતુ દેશે તેની મોટી કિંમત ચૂકવવી પડી. આ દરમ્યાન ૧૯,૭૬૨ લોકો માર્યા ગયા તો ૧૭૧૯ સુરક્ષાકર્મીઓ બલિદાન થયા. ત્યારે આતંકવાદનો પરાજય તો થયો, પરંતુ તેની કેટલીક ચિનગારી રહી ગઈ હતી. છેલ્લા લગભગ ૩૦ વર્ષોથી પાકિસ્તાન આ ચિનગારીને રહી રહીને હવા આપી રહ્યું છે. પ્રતીત થાય છે કે તેના પ્રયાસોને કેટલીક સફળતા પણ મળી રહી છે. ૨૩ ફેબ્રુઆરીએ ‘વારિસ પંજાબ દે’ના પ્રમુખ અમૃતપાલ સિંહના સમર્થકોએ અજનાલા થાણા પર હુમલો કરી દીધો. તેની માંગ હતી કે લવપ્રીત ઉર્ફે તુફાન સિંહને છોડી મૂકવામાં આવે. લવપ્રીતને અપહરણના એક મામલે ધરપકડ કરવામાં આવી હતી. અમૃતપાલના સમર્થકો લાઠી-ડંડા, તલવાર એ રાઈફલોથી સજ્જ હતા. તેઓ બેરિકેડ તોડીને પોલીસકર્મીઓ પર આક્રમણ કરતાં થાણામાં ઘૂસી ગયા. તેમાં પોલીસ અધીક્ષક જુગરાજ સિંહ સહિત અન્ય પોલીસકર્મી ઘાયલ થઈ ગયા. પ્રદર્શનકારીઓએ પોલીસ પર એટલું દબાણ બનાવ્યું કે પોલીસે લવપ્રીતને છોડી મૂકવાનું આશ્વાસન આપવું પડ્યું અને બીજા દિવસે તેને છોડી પણ મૂકાયો.*

*પંજાબ સરકારનું કહેવું છે કે ખાલિસ્તાન સમર્થક શ્રી ગુરુ ગ્રંથ સાહિબને ઢાલ બનાવીને થાણા સુધી લઈ ગયા હતા, એવી પરિસ્થિતિમાં પોલીસે બળપ્રયોગ કરવાનું યોગ્ય ન માન્યું. આ ઘટનાની ગંભીરતાની અવગણના કરવી બહુ મોટી ભૂલ ગણાશે. આતંકવાદના દોરમાં પણ પોલીસકર્મીઓ, કેન્દ્રીય સશસ્ત્ર દળો અને ત્યાં સુધી કે સેનાના જવાનો પર પણ આતંકવાદી આક્રમણ કરતા હતા. અજનાલાની ઘટનાના વીડિયો ફૂટેજ જેણે જોયા હશે તેને લાગ્યું કે જાણે પંજાબ પોલીસ ઉપદ્રવીઓ સામ ઘૂંટણિયે પડી ગઈ હતી. સવાલ એ છે કે આટલી મોટી સંખ્યામાં તોફાનીઓને થાણા સુધી પહોંચવા કેમ દેવાયા? અપરાધીઓની વાત માનીને એક અપરાધીને છોડી મૂકવો કેટલી વિચિત્ર વાત કહેવાય. થાણા પર પોલીસકર્મીઓ સાથે હિંસા મુદ્દે હજુ સુધી કોઈ એફઆઈઆર નથી કરવામાં આવી.*

*છેલ્લા કેટલાક અરસાથી પંજાબની હાલત સતત બગડતી જાય છે. તેમાં કોઈ શંકા નહીં કે ખાલિસ્તાન સમર્થક પંજાબમાં ફરીથી આગ લગાડવા માંગે છે. ગુપ્તચર વિભાગ અનુસાર બબ્બર ખાલસા ઈન્ટરનેશનલ, ઈન્ટરનેશનલ શીખ યૂથ ફેડરેશન, ખાલિસ્તાન જિંદાબાદ ફોર્સ અને ખાલિસ્તાન કમાન્ડો ફોર્સનાં વધ્યાંઘટ્યાં તત્ત્વો આજે પણ પાકિસ્તાનમાં પોતાનો આધાર બનાવીને પંજાબમાં કોઈને કોઈ ગરબડનો પ્રયાસ કરતા રહે છે. વિદેશમાં, વિશેષ કરીને અમેરિકા, ઈંગ્લેન્ડ, કેનેડા અન ઓસ્ટ્રેલિયામાં ‘વર્લ્ડ શીખ ઓર્ગેનાઈઝેશન’ અને ‘શીખ ફોર જસ્ટિસ’ ભારત વિરુદ્ધ માહોલ ખરાબ કરવાનું કામ કરે છે. સમયે સમયે કેટલાક અશુભ સંકેત પણ દેખાતા રહ્યા છે. ૨૦૧૪માં દમદમી ટકસાલે સ્વર્ણ મંદિર પરિસરમાં જરનૈલ સિંહ ભિંદરાંવાલે અને અન્ય આતંકી નેતાઓની સ્મૃતિમાં એક સ્મારક બનાવી દીધું હતું. શરૂઆતમાં તો તેનો થોડો વિરોધ થયો, પરંતુ ધીમે ધીમે અવાજ દબાઈ ગયો અને આ સ્મારકને એક રીતે માન્યતા આપી દેવામાં આવી. ૨૦૧૬-૧૭માં અલગતાવાદી તત્ત્વોએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કેટલાય કાર્યકર્તાઓને નિશાનો બનાવ્યા અને તેમની હત્યા કરી દીધી. ૨૦૧૮માં તત્કાલીન મુખ્યમંત્રી અમરિંદર સિંહે કેન્દ્રીય ગૃહ મંત્રાલયને આગ્રહ કર્યો હતો કે પ્રદેશમાં આતંકવાદ પેદા ન થાય, તેના માટે એક યોજના બનાવવામાં આવે. ઓપરેશન બ્લૂ સ્ટારની વરસી પર પંજાબ અને ચંડીગઢમાં ખુલ્લેઆમ ‘ખાલિસ્તાન જિંદાબાદ’ના નારા લગાવવામાં આવે છે.*

## હવે ન્યૂયોર્ક-દિલ્હી ફલાઈટમાં નશામાં ધૂત વિદ્યાર્થીએ સાથી મુસાફર પર પેશાબ કર્યો

નવીદિલ્હી,તા.૫

હવાઈ મુસાફરીમાં પેશાબ કરવાનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. હકીકતમાં, ન્યૂયોર્કથી નવી દિલ્હી આવી રહેલી અમેરિકન એરલાઈન્સની ફ્લાઈટમાં એક નશામાં ધૂત પેસેન્જરે તેના સાથી મુસાફર પર કથિત રીતે પેશાબ કર્યો હતો. સૂત્રોએ આ માહિતી આપી. રિપોર્ટ અનુસાર આ ઘટના અમેરિકન એરલાઈન્સની ફ્લાઈટ નંબર એએ૨૯૨માં બની હતી.

આ ફ્લાઈટ શુક્રવારે રાત્રે ૯:૧૬ વાગ્યે ન્યૂયોર્કથી ટેકઓફ થઈ હતી અને ૧૪ કલાક ૨૬ મિનિટની ફ્લાઈટ બાદ શનિવારે રાત્રે ૧૦:૧૨ વાગ્યે ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર લેન્ડ થઈ હતી. એરપોર્ટના એક સૂત્રએ પીટીઆઈને જણાવ્યું કે, આરોપી કથિત રીતે અમેરિકન યુનિવર્સિટીનો વિદ્યાર્થી છે અને તેણે નશાની હાલતમાં સૂતી વખતે પેશાબ કર્યો હતો. તે કોઈક રીતે લીક થઈને સાથી મુસાફર પર પડ્યો, જેણે ક્રૂને ફરિયાદ કરી.

સૂત્રએ જણાવ્યું કે વિદ્યાર્થીએ આ ગંદા કૃત્ય માટે માફી માંગી, ત્યારબાદ પીડિત મુસાફરે તેની સામે કેસ દાખલ કરવાનો ઈનકાર કર્યો કારણ કે તે તેની કારકિર્દી બગાડી શકે છે. જોકે, એરલાઈને તેને ગંભીરતાથી લીધી અને આઈજીઆઈ એરપોર્ટ પર એર ટ્રાફિક કંટ્રોલ (એટીસી)ને જાણ કરી. એટીસીએ સીઆઈેએસએફના જવાનોને એલર્ટ કર્યા, જેમણે આરોપી મુસાફરને દિલ્હી પોલીસને સોંપી દીધો.મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે નો-ફ્લાય લિસ્ટમાં રાખવામાં આવેલા મોટાભાગના મુસાફરો એવા છે કે જેમણે મુસાફરી દરમિયાન માસ્ક પહેર્યા ન હતા અથવા ક્રૂ મેમ્બર્સને કોઈપણ રીતે સહકાર આપી રહ્યા ન હતા. સીએઆરની જોગવાઈ અનુસાર, જ્યારે કોઈ મુસાફરને નો-ફ્લાય લિસ્ટમાં મૂકવામાં આવે છે, ત્યારે તેની સાથે સંબંધિત સંપૂર્ણ માહિતી પણ તેમાં સામેલ કરવામાં આવે છે.ગયા વર્ષે ૨૬ નવેમ્બરે ન્યૂયોર્કથી દિલ્હી આવી રહેલી એર ઈન્ડિયાની ફ્લાઈટમાં એક વૃદ્ધ મહિલા સહ-યાત્રીએ, શંકર મિશ્રા નામના નશામાં ધૂત પેસેન્જર પર પેશાબ કરવાનો આરોપ લગાવ્યો હતો. મહિલાએ આ ઘટનાની માહિતી આપતાં મામલો ગરમાયો હતો.

# હોળી ધૂળેટીમાં રસાયણયુક્ત રંગોથી દૂર રહેવું હિતાવહ છે

આપણાં હિન્દુ સમાજમાં જાતજાતના અને ભાતભાતના તહેવારો ઉજવવામાં આવે છે, તેમાં હોળી મુખ્ય તહેવાર છે. આમ તો હોળી એ રાજસ્થાની તથા આદિવાસી પ્રજાનો બહુ મોટો અને પ્રિય તહેવાર ગણાય છે. છતાં આજે ગુજરાતમાં નાના ગામડાઓથી લઈને મોટા મહાનગરોમાં પણ સમગ્ર જ્ઞાતિના પ્રજાજનો હોળીનો તહેવાર ખુબ આનંદ પ્રમોદથી અને મોજથી ઉજવે છે. વાસ્તવમાં તો હોળી એ વસંત ઋતુને વધામણી આપવા એના માનાર્થે રંગેચંગે ઉજવવામાં આવે છે. હોળીનું પર્વ આમ તો રંગપંચમી સુધી ચાલે છે, પરંતુ શરૂઆતના બે દિવસો બહુ અગત્યના ગણાય છે. હોળીના દિવસે લાકડાં તથા છાણાં ગોઠવીને હોળી તૈયાર કરવામાં આવે છે. અને સાંજે વિધિવત્ હોળીનું પૂજન કરીને હોળી પ્રગટાવવામાં આવે છે અને લોકો હોળી ફરતે પ્રદક્ષિણા કરતાં જાય છે અને હોળીમાં ધાણી, ચણા, કાચી કેરી, શ્રીફળ વિગેરેનો હોમ કરી હોળીમાતાના દર્શન કરી આશીર્વાદ મેળવે છે. હોળીના દિવસે લોકોમાં ધાણી, ચણા અને ખજૂર ખાવાનો મહિમા છે.

હોળીના બીજા દિવસને ધૂળેટી તરીકે ઓળખવામાં આવે છે. ધૂળેટીના દિવસે લોકો વૈમનસ્ય ભુલી એકબીજા ઉપર અબીલ, ગુલાલ, કેસૂડો જેવા રંગો છાંટીને મોજમજા અને ધૂમધામ કરે છે. અગાઉના જમાનામાં માત્ર કેસૂડો અને અબીલ ગુલાલથી જ હોળી રમવામાં આવતી હતી, જ્યારે આજે ધૂળેટીનું સ્થાન સિન્થેટિક તેમજ ઓઈલ પેઈન્ટ કલરે લઈ લીધું છે. આના લીધે ન કેવળ દિવસો સુધી કલર જતો નથી પરંતુ તેની આડઅસર પણ બહોળા પ્રમાણમાં જોવા મળે છે. આવા કલર કોઈની આંખમાં કે કાનમાં જાય તો આંખ ગુમાવવાનો કે શ્રવણશક્તિ હણાઈ જવાનો ભય રહે છે. ઘણાં વ્યક્તિઓને ગડગૂમડ કે ખસ ખુજલી તથા ખંજવાળ જેવા રોગો પણ દિવસો સુધી સતાવ્યા કરે છે. માટે દરેક ખેલૈયાઓએ આવા કલરથી દૂર રહેવું જરૂરી છે.

ધૂળેટી રમવાના બહાને આજકાલ મહિલાઓ સાથે અણછાજતી છૂટછાટ, અશ્લીલ મજાક કે છેડતીના બનાવો પણ વધવા લાગ્યા છે, માટે મહિલાઓએ ધૂળેટી રમવાથી અલિપ્ત રહેવું હિતાવહ છે. ધુળેટીના દિવસે ઘણાં લોકો ભાંગ,



ગાંજો કે મદિરાપાન કરીને છાકટા બને છે અને ઉધમાત મચાવે છે. આમ જે પર્વ સાત્વિકતાથી ઉજવવુ જોઈએ એની જગ્યાએ બીભત્સતા ધારણ કરી લે છે. આમ સામાજિક તહેવાર એક પ્રકારનું સામાજિક દૂષણ બની જાય છે. સિક્કાની બે બાજુ હોય છે એ ન્યાયે તમારે તહેવાર કઈ રીતે મનાવવો એ તમારા ઉપર આધાર રાખે છે.

યોગેશભાઈ આર જોશી
(હાલોલ)

# રાજસ્થાનના ભીલવાડા એક એવું ગામ જ્યાં ૭ દાયકાથી હોળીકા દહન કરાયું નથી

## ગામમાં ૭૦ વર્ષ પહેલાં હોળીકા દહન દરમિયાન એક તણખલાએ આખા ગામમાં આગ લાગી ગઈ હતી

ભીલવાડા,તા.૫

હરણી ગામમાં ૭૦ વર્ષ પહેલા હોળીકા દહન દરમિયાન આ વિસ્તારમાં આગ લાગી હતી. આ પછી ગામલોકોએ એક એવો અનોખો નિર્ણય લીધો જે સમગ્ર દેશ માટે એક ઉદાહરણ બની ગયો છે. હોળીના તહેવારને ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. આ રંગોના તહેવારની લોકો આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. એવામાં રાજસ્થાનના ભીલવાડા શહેરને અડીને આવેલા હરણી ગામમાં ૭૦ વર્ષ પહેલા હોળીકા દહન દરમિયાન આ વિસ્તારમાં આગ લાગી હતી. આ પછી ગામલોકોએ એક એવો અનોખો નિર્ણય લીધો, જે આજે માત્ર રાજસ્થાન માટે જ નહીં પરંતુ સમગ્ર દેશ માટે એક ઉદાહરણ બની ગયો છે. આ સાથે જ દરેક પર્યાવરણવાદી તેના વખાણ કર્યા વિના રહી શકતા નથી. આ ખાસ પરંપરાને કારણે હવે આ ગામની ખ્યાતિ દેશમાં દૂર દૂર સુધી ફેલાઈ ગઈ છે.

જણાવી દઈએ કે ભીલવાડા જિલ્લા મુખ્યાલયથી ૫ કિમી દૂર હરની ગામમાં ૭૦ વર્ષ પહેલાં



**આ સાથે જ દરેક પર્યાવરણવાદી તેના વખાણ કર્યા વિના રહી શકતા નથી. આ ખાસ પરંપરાને કારણે હવે આ ગામની ખ્યાતિ દેશમાં દૂર દૂર સુધી ફેલાઈ ગઈ છે**

હોળીકા દહન દરમિયાન એક તણખલાએ આખા ગામમાં આગ લાગી ગઈ હતી અને એ કારણે લોકોને ભારે હાલાકી ભોગવવી પડી હતી. આ પછી ગ્રામજનોએ એક પંચાયત બોલાવીને નિર્ણય લીધો કે ગામમાં હોળીકા દહન નહીં થાય. જો કે આ નિર્ણય પછી અહીંથી એક અનોખી પરંપરા શરૂ થઈ હતી.

આ નિરી પછી ગ્રામજનોએ દાન આપીને ચાંદીની હોળી અને સોનાનો પ્રહલાદ બનાવ્યો હતો. સાથે જ હોળીના તહેવાર પર ગામમાં સ્થિત ૫૦૦ વર્ષ જૂના શ્રી હરણી શ્યામ મંદિરથી શોભાયાત્રાના સ્વરૂપમાં હોળીકા દહનના સ્થળે લાવવામાં આવે છે. ત્યાર બાદ એ સમુદાયના લોકો ત્યાં પ્રાર્થના કરે છે. ત્યારબાદ તેને મંદિરમાં રાખવામાં આવે છે. ત્યારથી લઈને આજ સુધી આ પરંપરાનું પાલન કરવામાં આવે છે.

હરણી ગામમાં રહેતા સ્થાનિકોનું કહેવું છે કે ૭૦ વર્ષ પહેલા હોળીના દિવસે આગ ફાટી નીકળ્યા બાદ ગ્રામજનોએ ચાંદીની હોળીકા અને પ્રહલાદ સોનાની બનાવવાનો નિર્ણય કર્યો હતો. ત્યારથી ત્યાંના લોકો તેની પૂજા કરે છે. અહીં તમામ સમુદાયના લોકો પ્રાર્થના કરે છે.

આ નિર્ણય પછી ગામમાં ક્યારેય હોળીકા દહન થયું નથી. તેને કારણે આગ લગાવવાની પરંપરા અટકી અને આ કારણે વૃક્ષો અને છોડ પણ બચ્યા છે. આખા દેશમાં આ એક એવું ગામ છે, જે હોળીકાનું દહન ન કરીને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપી રહ્યું છે.

વિધવા સ્ત્રીની વેદના.

સાંભળું મોર હું ટહુક્તો,
મને આવે પિયુ યાદ,
પણ, લાચાર છું, પિયુડા હું,
નથી સાધી શકતી સંવાદ.
આજે ય, યાદ છે સંગ એજ,
નેં, એ હરખ નાં દિન,
જીવ્યા તા કેવી મોજથી,
બસ, એક મેકમાં તલ્લીન.
ભલે ખાધો જુવાર બાજરો,
પણ, અનેરી એય મીઠાશ,
આજ ભાત છે આ કમોદનો,
તોય, જાણે ભરી કડવાશ.
કારણ જાણો નાં કાંય બીજું,
છે , પિયુ વિના જ કડવાશ,
પણ, જાણું ભાગ્ય આધીન આ,
તોજ, રહે ય અધૂરી આસ.
પિયુ, આજ કેવો છે? ક્યાં છે તું?
કોણ? રાખે છે તારી સંભાળ,
કોણ? વાળ તારા સંવારે છે,
મારા હૈયે તારી જ ફાળ.
પ્રભુ, ભલે પિયુને મારા લઈ ગયો,
પણ, રાખજે તુજ સંભાળ,
કહેજે , સામો મળે જો એ,
લખી દે મને એ ભાળ.
પ્રભુ, માંગુ છું, હું ખોળો પાથરી,
મને દઈ દે પિયુડો એજ,
કબૂલ છે હૈયે એજ છાંયડો,
એજ, પ્રીતમ ભેળી સેજ.
સાંભળું મોર હું.....

જગદીશભાઈ બળદેવભાઈ પટેલ.
ડુમાણા, વિરમગામ,૯૩૧૬૬ ૩૩૮૨૬.

ભાળ= સરનામું, સંવાદ= વાતચીત,સેજ= પથારી
સાધવું= સ્થાપિત કરવું, તલ્લીન= મગ્ન
ફાળ= ચિંતા.

ટૂંકમાં , વિધવા સ્ત્રી ની વેદના એટલે દરિયા જેવડું દુઃખ, અને ત્યાર બાદ નું જીવન એટલે અતીત ની યાદ ,આજ પણ એના પ્રિયની ચિંતા અને ફરી એજ સુખની પ્રાપ્તિ માટે પૂજા અર્ચન .

સાંજની દીવાની

હું છું સાંજની દીવાની મારી રીતે હું મોજમાં જ રહેવાની
મારે દુનિયા સાથે શું લેવા દેવા હું દુનિયાને કાંઇ ના કહેવાની
ખુલ્લા આકાશની મોસમમાં હું શાંતિ વાળું વ્યક્તિત્વ
શાંત રહી સાંત્વના આપતી હું દુનિયાનું દર્દ સેહવાની
એક સાંજ સાથે પક્ષીઓના કલરવનો કેવો છે સથવારો મને
ગમતા સમયે હું પ્રકૃતિના ખોળે મારી જાતને દઈ દેવાની
કોઈ આપે સાંજનો સથવારો બની શકે તો સંગાથે હું રહીશ
એકલતાને નજર અંદાજ કરી પ્રકૃતિની મજા તો લઈ લેવાની
મને ગમતી સાંજે કાયમ હું દરેક ક્ષણમાં આમ જ રહેવાની
એકાંતમાં હું પ્રકૃતિના ખોળે આમ જ કોઈને કંઈના કહેવાની
ક્રિઝા બી મોણપરા ‘કવિશા’ (સુરત)

પકડ હવે સુદર્શન
---------------------
છોડ મોહન તારી મોરલી અને પકડ હવે સુદર્શન,
છોડ કાના તારી ભાષા કાલી ને કર સત્ય પ્રદર્શન,
મૂક માધવ મીઠી વાતો ને સમજાવ સત્ય નાતો,
મૂક રસીક રાસો ને આપી દે અધર્મી ને જાસો,
મૂક તારી મથુરા ની મજા ને ફરકાવ ધર્મ ધ્વજા,
મૂક સિંહાસન ઓ રાજા આપ અધર્મી ને સજા,
છોડ તારૂં દ્વારકા જો દુઃખી છે તારી આ પ્રજા,
છોડ તારૂં હસવાનું ને આપી દે રાક્ષસો ને રજા,
વ્હાલા વિચાર તો ખરા વધી છે અધર્મની પૂજા,
ઉઠ ઉભો થા અટકાવ જે આ મૂકાઈ છે માઝા,
બિપીન જોશી, રાજકોટ

જોયું એ પગલું પડેલું તમારું છે રેતમાં,
લાગ્યું કે; નથી દૂર મારાથી તું છે વ્હેતમાં
વહેતી ઓરસંગ નદી સાવ સુક્કી કેમ છે!
આવ્યું યાદ લખેલું નામ તમારું છે રેતમાં.
ઓરસંગ કિનારે બાંધ્યા હતા જે રેત્મ્હેલ,
યાદ ને ઢંઢોળી; પ્રેમ વાગોળું તું છે વાતમાં.
સગપણો ની ભીતરે જાત ને શોધતો હું !
સાતજન્મો ની સફર સ્વીકારી છે વાતમાં.
‘કમલ’કોઈ બહાને મળવા તૈયાર છે તમે,
તમે હતાં - હતી મારી ચુપકીદી એકાંતમાં.
કમલેશ.વી.પરીખ (બોડેલી - વડોદરા )

વહેતો સમય.....

હું મારા અહમમાં એવો ખોવાઈ ગયો ખુદને ખબર ના રહી !!..
જીવનમાં પોતાનાજ ક્યાં છૂટયા એની ખબર ના રહી !!..
મોહ અને માયામાં સંબંધો વિખેરાયા ખબર ના રહી !!..
પૈસાની દોડમાં પોતાના પારકા ક્યારે થયા ખબર ના રહી !..
સમય સાથે હું ક્યા વહેતો રહ્યો એની ખુદને ખબર ના રહી !!..
જીવનની મજા માણીલો પછી કહેતા નહીં કે સમય ક્યાં ગયો ખબર ના રહી !!...
નિશાન્ત પંચાલ (મોડાસા)

# હિંસાની ખબરો વચ્ચે તમિલનાડુમાં બિહારી દુકાનદારનું મોત

ચેન્નાઇ,તા.૫

તમિલનાડુમાં બિહારીઓ સાથે હિંસાના અહેવાલો વચ્ચે વધુ એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. તમિલનાડુમાં ધર્મરાજ પુર, દેસારી, વૈશાલીમાં રહેતા એક વ્યક્તિના શંકાસ્પદ મૃત્યુનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. મૃતકના પરિવારજનોએ આરોપ લગાવ્યો છે કે, તમિલનાડુમાં સ્થિતિ બગડ્યા બાદ તેની હત્યા કરીને મૃતદેહને રેલવે ટ્રેક પર ફેંકી દેવામાં આવ્યો હતો. મૃતદેહ લાવી શકાય તેવી હાલતમાં પણ નહોતો તેથી તેના અંતિમ સંસ્કાર પણ ત્યાં જ કરી દેવામાં આવ્યા.

આ ઘટનાથી ગામના લોકો ખૂબ જ ડરી ગયા છે. જણાવવામાં આવી રહ્યું છે કે ગામના ઘણા લોકો હજુ પણ તમિલનાડુમાં રહે છે. મૃતકની ઓળખ ૩૫ વર્ષીય સંજીવ કુમાર તરીકે થઈ છે જેઓ છેલ્લા ૧૫ વર્ષથી તમિલનાડુના સિરપુરમાં દુકાન ચલાવતા હતા. તેમના પરિવારજનોનું કહેવું છે કે ઘટનાના એક દિવસ પહેલા રાત્રે તેમની વચ્ચે વાતચીત થઈ હતી અને તેઓએ જણાવ્યું હતું કે, તમિલ લોકોએ તેમને ધમકી આપી હતી અને ત્યારબાદ સવારે જ તેમના મૃત્યુના સમાચાર મળ્યા હતા.

આ ઘટના સામે આવ્યા બાદ મૃતકના પરિવારજનોની હાલત ખરાબ થઈ ગઈ છે. સંજીવ કુમારના બે બાળકો છે જેઓ ગામમાં તેમની માતા સાથે રહે છે.સંજીવ કુમારના મૃત્યુ બાદ ગામલોકો તેમના દરવાજે ભેગા થયા અને તેમને સાંત્વના આપવાનો પ્રયાસ કર્યો હતો. આ અંગે મૃતકોના સંબંધીઓ અને સ્થાનિક લોકોએ જણાવ્યું કે, તમિલનાડુમાં સ્થિતિ ખૂબ જ ખરાબ છે. ફોન પર વાત થઈ અને કહેવામાં આવ્યું કે, તેમને ધમકીઓ મળી રહી છે.

જો કે, તમિલનાડુ પોલીસ હિંસાની વાતને સતત નકારી રહી છે. બિહાર પોલીસે તમિલનાડુ પોલીસ પાસેથી મળેલી માહિતીના આધારે સમગ્ર મામલાને માત્ર અફવા ગણાવીને તમિલનાડુ પોલીસના વીડિયોને રી-ટ્વીટ કર્યો હતો. જોકે સીએમ નીતીશ કુમારે બિહાર પોલીસને આ મામલામાં માહિતી મળ્યા બાદ તપાસ કરવાનો નિર્દેશ આપ્યો હતો.

# આવતી કાલે દેશભરમાં ઍમેઝૉન અને ફ્લિપકાર્ટના વિરોધમાં પ્રદર્શન

મુંબઈ,તા.૫

ઈ-કૉમર્સમાં વિદેશી કંપનીઓના વધી રહેલા અત્યાચારના વિરોધમાં કૉન્ફેડરેશન ઑફ ઑલ ઇન્ડિયા ટ્રેડર્સ (કેઇટ) તરફથી આવતી કાલે દેશભરમાં ઍમેઝૉન અને ફ્લિપકાર્ટના ?વિરોધમાં વેપારીઓ પ્રદર્શન કરશે. એ અંતર્ગત મહારાષ્ટ્રમાં અને મુંબઈમાં પણ મસ્જિદ બંદરમાં આવેલી ધ રીટેલ ગ્રેન ડીલર્સ કો-ઑપરેટિવ સોસાયટી લિમિટેડની ઑફિસની બહાર વિરોધ-પ્રદર્શન કરવામાં આવશે. ભાતબજારમાં આયોજિત આ પ્રદર્શનમાં હોળીના તહેવારના દિવસે વિદેશી કંપનીઓનાં પૂતળાં બાળવામાં આવશે. મહારાષ્ટ્રભરમાં કેઇટના વેપારી-સભ્યો આવતી કાલે વિદેશી કંપનીઓના વિરોધમાં ૧૦૦ પૂતળાં બાળશે.

આ બાબતની માહિતી આપતાં કેઇટના મુંબઈ વિભાગના ચૅરમૅન રમણીક છેડાએ ‘મિડ-ડે’ને કહ્યું હતું કે ‘અમે છેલ્લાં પાંચ વર્ષથી દરેક હોળીના તહેવારના દિવસે વિદેશી કંપનીઓનાં પૂતળાંનું દહન કરીને અમારો વિરોધ દર્શાવીએ છીએ. ઈ-કૉમર્સ કંપનીઓને કારણે રીટેલ અને હોલસેલ વેપારીઓના બિઝનેસ પર બહુ ખરાબ અસર પડી છે. એમાં પણ ખાસ કરીને મોબાઇલ, મોબાઇલ ઍક્સેસરીઝ, કરિયાણાં, મસાલા, એફએમસીજી પ્રોડક્ટ્સ, ગિફ્ટનો સામાન, રેડિમેડ ગાર્મેન્ટ્સ, ફુટવેઅર, ચશ્માં, ઘડિયાળ, દવાઓ અને ફાર્મસી, ઇલેક્ટ્રોનિક્સ, ફર્નિચર, હોમ ફર્નિશિંગ, રમકડાં, શાકભાજી અને ડ્રાયફ્રૂટ્સ, ખાવા-પીવાનો સામાન, કિચન ઇક્વિપમેન્ટ્સ, ?બિલ્ડિંગ હાર્ડવેર, ઑફિસ ઇક્વિપમેન્ટ્સ, સ્ટેશનરી, કાગળ, ઇલેક્ટ્રિકલનો સામાન મુખ્ય છે.

સરકાર સાથે અનેક વાર આ મુદ્દે ચર્ચા-વિચારણા કરીને માગણી કર્યા પછી પણ સરકાર આ મુદ્દે હજી ગંભીર નથી એટલે અમારે અવારનવાર નાછૂટકે આંદોલન કરવાની ફરજ પડે છે. ઑનલાઇન વિદેશી કંપનીઓ ખુલ્લેઆમ ભારતના કાયદાનો ભંગ કરતી હોવા છતાં સરકાર ભારતના વેપારીઓને ન્યાય મળે એવી કાર્યવાહી કરતી નથી. આ જ પરિસ્થિતિ રહી તો ભવિષ્યમાં નાના વેપારીઓ અને તેમના કર્મચારીઓ રોડ પર આવી જશે, જેના માટે સરકાર જ જવાબદાર ગણાશે.’

જો સરકાર આ વાતને ગંભીરતાથી લઈને એના પર અને અમારી માગણી પર ધ્યાન નહીં આપે તો એ દિવસ દૂર નથી જ્યારે દેશના રીટેલ બિઝનેસનો એક મોટો હિસ્સો વિદેશી કંપનીઓના હાથમાં જતો રહ્યો હશે એમ જણાવીને કેઇટના મુંબઈના અધ્યક્ષ દિલીપ મહેશ્વરીએ કહ્યું હતું કે ‘સરકારે ઈ-કૉમર્સ વેપાર પર નજર રાખવા માટે અને તેઓ કાયદાનું ઉલ્લંઘન કરે છે કે નહીં એના અભ્યાસ માટે સેબી અને ટ્રાઇ જેવી અધિકૃત રેગ્યુલેટરી ઑથોરિટીની રચના કરવી જોઈએ. ત્યારે સરકાર વિદેશી ઈ-કૉમર્સ કંપનીઓની મનમાની રોકવામાં સફળ થશે.

NEWS OF GANDHINAGAR_P-2

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




*NOG SS No* : *0110*
★પ્રકાર : ગદ્ય- ★લઘુ વાર્તા★
★વિષય★ : ★હોળી-ધુળેટી, જીવનમાં રંગોનું મહત્વ★
★શબ્દો★ : ★૩૪૮★
★શીર્ષક★ :★'માલતીના જીવનમાં રંગોની વાપસી'★
★લેખકનું નામ★ : ★નિખિલ કિનારીવાળા (અમદાવાદ)★

માલતીના જીવનમાંથી છેલ્લા બે વર્ષથી જાણે રંગોની બાદબાકી થઈ ગઈ હતી. તેને નજીકથી જોનારા અને ઓળખનારા જાણે છે કે આ એજ માલતી છે જે હંમેશા ખિલખિલાટ હસતી રહેતી. મુકુલ સાથેના લગ્નના આશરે બે વર્ષ બાદ માલતીએ એક સુંદર પરી જેવી દીકરી દિશાને જન્મ આપ્યો. દિશાની પહેલી હોળી-ધૂળેટીએ કુટુંબની પરંપરા અનુસાર ધામધૂમથી વિવિધ રંગોથી ભરપૂર મસ્તીભરી ઉજવણી થઈ.

પરંતુ વિધાતાએ કંઈક જુદું જ નક્કી કર્યું હતું. કોરોનાની બીજી લહેર દરમ્યાન તરવરતો યુવાન મુકુલ ગંભીર માંદગીમાં સપડાયો. જોતજોતામાં બધા જ શક્ય પ્રયત્નો છતાં મુકુલ પોતાની પ્રિય માલતી અને વ્હાલી દીકરી દિશાને એકલાં મૂકી આ દુનિયા છોડી ચાલ્યો ગયો. માલતીની જિંદગીના બધા સપનાઓ રોળાઈ ગયા. મુકુલની તેના જીવનમાંથી આ તબક્કે આ રીતે બાદબાકી તેને મંજૂર નહોતી. જીવન રંગહીન અને શુષ્ક બની ગયું.

માલતીની બેંકમાં એક હસમુખો યુવાન મેનેજર વિકાસ સાથે કામ કરતો હતો. ખુબ સરળ, સંસ્કારી અને સંવેદનશીલ પ્રકૃતિ ધરાવતો હતો. માલતીના ભૂતકાળ વિશે તે બધું જ જાણતો હતો અને તેને આદરથી જોતો હતો. માલતીનો સાલસ સ્વભાવ અને નિર્દોષ ચહેરો તેના મનમાં વસી ગયો હતો. ધીમે ધીમે પરિચય વધતો ગયો તેમ વિકાસની અવારનવાર દિશાને મળવાને બહાને ઘરની મુલાકાતો વધવા લાગી. દિશા પણ વિકાસ સાથે ઘણી હળી મળી ગઈ હતી. વિકાસના મનમાં માલતી માટે પ્રેમ અંકુરિત થઈ ચૂક્યો હતો. માલતી પણ વિકાસમાં મુકુલનો પડછાયો જોઈ રહી હતી. તેના મનમાં પણ પ્રેમની કુંપળો ફૂટી ચૂકી હતી.

એક દિવસ હિંમત કરીને વિકાસે માલતી આગળ પ્રેમનો એકરાર કર્યો. તેણે માલતીની આંખોમાં આંખ પરોવીને કહ્યું ×જો માલતી, હું તને બિનશરતી પ્રેમ કરું છું. લગ્ન કરી જીવનભર તને સાથ આપવા માગું છું. દિશાને પણ હું એટલો જ પ્રેમ કરું છું. તારી હા હોય તો હું તારા જીવનને ફરીથી રંગોથી ભરી દેવા માગું છું. તારા જીવનમાં થયેલ સૂર્યાસ્ત પછી ફરી એકવાર સૂર્યોદયની લાલી પાથરવા માગું છું. મેઘધનુષ્યના રંગોની જેમ તારા જીવનના નભમાં ફરીથી બધા જ રંગો ફેલાવવા માગું છું.× માલતી શરમથી નીચું જોઈ ગઈ.

હોળી-ધૂળેટીનો રંગારંગ તહેવાર નજીક હતો. ફરી એકવાર સમગ્ર કુટુંબ અને સગાં સંબંધીઓની હાજરીમાં ધુળેટી ઉપર રંગોની ભવ્ય ઉજવણી દરમિયાન માલતી અને વિકાસના સંબંધની જાહેરાત થઈ. રંગોની બોછારથી આકાશ રંગાઈ ગયું. માલતી અને વિકાસ દિશાને ઊંચકીને આ રંગભર્યા ઉત્સવ અને તેમના જીવનમાં આવેલી બહારને માણી રહ્યા. રંગો ભરી કેડી ઉપર માલતીએ પોતાના નવજીવનના પગરણ માંડ્યા.

નિખિલ કિનારીવાળા, અમદાવાદ
૦૪ માર્ચ ૨૦૨૩

####################################

NOGSS/0044
વિષયઃ- જીવનમાં રંગોનું મહત્વ
પ્રકારઃ- ગદ્ય
શીર્ષકઃ- વહાલસોયી નણંદ.
શબ્દોઃ- ૧૧૭

આજની આ ધૂળેટીએ આંખોમાં અશ્રુનો સમુંદર છલકાયો જે મારી વ્હાલસોયી નણંદે પકડી પાડ્યું.

મને ધૂળેટી રમવાનો ખૂબ જ આગ્રહ.×ભાભી, ક્યાં સુધી આમ માત્ર સફેદ સાડલામાં અરમાનોનો વીંટો વાળીને જીવશો? આજે તો ધૂળેટી રમો જ.×

મારી લાખ ના છતાં હઠ પકડી,તમે ન રમો તો હું પણ ન રમું.મમ્મી-પપ્પાની ચિંતા છોડો, હું

તમારી ઢાલ બનીશઅને એકદમ મારા સફેદ સાડલા પર લાલ રંગ છાંટી જ દીધો.

હઠ કરી આંગણમાં હોળી રમે ત્યાં લઈ ગઈ અને પતિના મિત્ર અવિનાશને પણ સામેલ કરી મારા પર રંગ છંટાવ્યો જે સીધો મારી સેંથીમાં પડ્યો.મારી નણંદની પરિપક્વતા આગળ બધાએ નમતું મૂક્યું અને અવિનાશ સાથે મારા પુનઃવિવાહની વાત જાહેર કરી હંમેશ માટે મારી વ્હાલી નણંદીએ મારી જીંદગીમાં રંગ ભરી દીધા.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

####################################

NOG.SS.NO - 139
વિષય - ફાગણિયો, હોળી-ધુળેટી,
જીવનમાં રંગોનું મહત્વ
પ્રકાર - પદ્ય ( કાવ્ય)
શબ્દસંખ્યા - ૧૦૨
શીર્ષક - રૂડો ફાગણિયો

ડાળે ડાળે પલાશ ખીલ્યાં
ખીલી ઉઠ્યો વનવગડો,
છવાયો કેસૂડો કેસરિયો!
વસંતના વધામણાં દેતો
આવ્યો રે રૂડો ફાગણિયો!
રંગબેરંગી પિચકારી ભરી
ઉડે ગુલાલ ગગને,
આનંદની કિલકારી ગુંજે
સંગ બાળગોપાળ!
આવ્યો રે રૂડો ફાગણિયો!
વિધવિધ રંગના ફૂલ સજી
ઉજવાય કેવો ફુલોત્સવ,
વૈષ્ણવજનો સૌ ગાય રસિયા!
હરખની હેલીએ હિલ્લોળાતો
આવ્યો રે રૂડો ફાગણિયો!
રાગ વસંતબહાર છેડી
સુર-તાલ રેલાય,
હરખઘેલાં ગોપગોપી
વ્રજમાં રાસ રચાય!
આવ્યો રે રૂડો ફાગણિયો!
રંગોનું તો સ્થાન અદકેરું
જીવન સંગ વણી લો!
જીવનદર્શન કરાવતો
આવ્યો રે રૂડો ફાગણિયો!

રત્ના જરીવાલા.(વિદૂષી)
(મુંબઈ)
(૦૪/૦૩/૨૦૨૩)

####################################

NOG SS NO.118
વિષયઃજીવનમાં રંગોનું મહત્ત્વ
રોજ સવારે ઉગતી હું....
લાગણીના રંગ વિખેરતી હું....!!
તારા રંગમાં ભળીને પણ મારા રંગને
નીખારતી હું...
જુદો તો છે થોડો મારા સપનાનો રંગ...
પણ તારા સપના જોડે ભેળવી દેતી હું મારા સપનાનો રંગ..
સ્વીકાર કરી લીધેલ છે મેં તારા સપનાઓનો રંગ...
અસ્તિત્વ ટકાવેલ રાખીને પણ,
એકાકાર કરેલ છે તારામાં મેં મારો રંગ...!!
સમર્પિત થઈને સંબંધોમાં,
'ચૈત્રી' ની સુગંધ ફેલાવતો,
મારો તો છે બહુ 'મહામૂલો' રંગ...!!?????

-ચૈતાલી જોશી 'ચૈત્રી'

####################################

NOG NO. S.S.0059.
વિષયઃ હોળીના રંગો.
પ્રકારઃ પદ્ય- હાઈકુ.-૧૦
શીર્ષકઃ રંગ છે અસલી પહેચાન
શબ્દોઃ ૮૪
©જયકાન્ત ઘેલાણી ★પ્યારે★

આવી નવોઢા,
ડરે, ડરાવે- સંહુ.
આવે ધૂળેટી !
રંગ છે ત્રણ
લાલ પિળો વાદળી,
દિપાવે હોળી !
ન હોત હોળી ?
કેવું હોત ભારત !
ભાંસે ભેકાર !
ન હોત રંગો?
ન આનંદ, ન યાદ,
વિશ્વ ભેકાર !
દિપે મિત્રતા ?
જાય ટોળી રમવા
શત્રુના ઘેર !
રંગ શોભેછે
નર્યા પ્રેમનો પ્યારે' !
તેજ દિ હોળી.
ન હોત રંગો !
નાથ★ હોત બેકાર?
સજાવટ શૂ ?
શોભે અવની
ભિન્ન રંગોથી આજ,
ખીલીછે હોળી !
રંગ છે તોજ,
છે પ્યારે', પહેચાન ?
શૂ, કાળુ-ધોળુ ?
શોભે અવની
ભિન્ન રંગોથી આજ,
દિપાવે હોળી.

©જયકાન્ત ઘેલાણી ★પ્યારે★.

####################################

*NOG SS 140*
★વિષય : ફાગણિયો,★
★હોળી- ધુળેટી,★
★જીવનમાં રંગોનું મહત્વ★
★પ્રકાર : હાઈકૂ★
★શિર્ષકઃ કોરી આંખો★ ★ભીનાં શમણાં★

ફાગણ ફાલે,
પલાશ રંગ રેલે
કામણ કરે.
કાજળ ઘેરી,
ઝાંખે ક્ષિતિજ પાર
ચાતક આંખો.
શમણાં કોરાં,
મુઠ્ઠી ભરી ગુલાલ
રંગાવા વાસ્તે.
પ્રીત જો સાચી,
ફાગણના છે સમ
આવીને મળ.

હેમા પિનાકીન ત્રિવેદી
કૃષ્ણપ્રિયા
અમદાવાદ
તા : ૫/૩/૨૦૨૩

####################################

NOG:SS:NO. : 142
વિષય : ફાગણિયો
પ્રકાર : પદ્ય
શીર્ષક : ઘેરો રંગ
કવિ/લેખક : શૈલેષ ભોઈ ★શાલુ★

દાગ આંશુ કેરો પડ્યો, ફરી આ હ્રદય પર.
સંગ સ્વપ્ન સમો બળ્યો, ફરી આ હ્રદય પર.
આંખોમાં સમાયો, જે લાગણીઓનો પર્વત,
દિલ બળ્યું એમ પીગળ્યો, ફરી આ હ્રદય પર.
ના સાંભળી જરી, ચિચયારી કે ચીસો,
આખર મૌન થઈ વળ્યો, ફરી આ હ્રદય પર.
તોડ્યો ના તૂટ્યો, ને બાળ્યો પણ બળ્યો નઈ,
પ્રેમ પ્રહલાદ જેમ જળ્યો, ફરી આ હ્રદય પર.
ફેલાવ્યો તો હાથ, ઘણી વસંતોએ બહાર,
હું જઈ પાનખરમાં ભળ્યો, ફરી આ હ્રદય પર.
કાયમ રહ્યો ઘેરો, પડ્યો ઝાંખો ના જરીક,
રંગ એકેય ના ચડ્યો, ફરી આ હ્રદય પર.
નિરાશા મળી ★શાલુ★, અફસોસ થયો તોયે,
મેળો ઈચ્છા કેરો મળ્યો, ફરી આ હ્રદય પર.

શૈલેષ ભોઈ ★શાલુ★

####################################

*NO.G. S.S. No. 0102*.
નામઃ- ★રતીલાલ વાયડા★
વિષયઃ- ★ફાગણિયો★ ★★હોળી, ધુળેટી★,
પ્રકારઃ- ગદ્ય લેખ.
વિષયઃ- ★હોળી,ધુળેટી,રંગોત્સવ★.
★રચના★:-

ફાગણ મહિનામાં આપણે ફાગણીયો ઉત્સવ ઉજવિયે છીએ. ફાગણ મહિનાની પૂર્ણિમા ને દિવસે હોળીના દિવસ તરીકે અને તેના બીજા દિવસે ધુળેટી એટલે કે ફૂલડોલ તરીકે પણ ઉત્સવને ઉજવિયે છીએ.

ભારતમાં ઉત્સવ હજારો વર્ષોથી ઉજવવામાં આવે છે. હિરણ્ય કશ્યપુના પુત્ર પ્રહલાદ અને હોળીની સાથે આ કથા સંકળાયેલી છે . પ્રહલાદ ને હોળીને હવાલે કરી તેને બાળી નાખવાના પ્રયત્ન કર્યા પરંતુ ભગવાન નરસિંહ અવતાર ધારણ કરી અને તેને બચાવી લે છે . અને હિરણ્ય કશ્યપનો નાશ કરે છે.આ કથા સંકળાયેલી છે.

હોળીને દિવસે ગામે ગામ હોળી પ્રગટાવવામાં આવે છે. તેમાં લાકડા ,છાણા ,અને અન્ય પદાર્થોનું મોટો ઢગલો કરવામાં આવે છે. સાંજે યોગ્ય મુહર્તના સમયે તેને પ્રગટાવવામાં આવે છે. ગામના તમામ લોકો હોળીની પૂજા કરે છે .તેમાં ધાણી , દાળિયા ,ખજૂર, મગજના લાડુ, નાળિયેર ,વગેરે નાખી તેની પૂજા કરે છે. તેની પરિક્રમા કરે છે અને હોળીના તાપમાં પોતાના શરીરને શેકે છે. નાના બાળકો મોટા લોકો આખી રાત હોળીકા ઉત્સવ ઉજવે છે . રાત પડે તેમાં બટેટા, શક્કરિયા ,નાળિયેર વગેરે નાખી શેકી અને તેઓ ખાય છે .આખી રાત જુદી જુદી રમતો રમે છે અને હોળીની ઉજવણી કરે છે.

બીજો દિવસ એટલે કે ધુળેટી નો દિવસ જેને આપણે ફૂલડોના નામે પણ ઓળખીએ છીએ , તે દિવસે રંગોત્સવનું મહત્વ છે. અબીલ ગુલાલ અને જુદા જુદા પ્રકારના રંગો લોકો એકબીજાની ઉપર ફેકે છે .મંદિરોમાં પણ ભગવાનને રંગો ધરાવામાં આવે છે અને મંદિરમાં પણ અબીલ ગુલાલથી ભગવાનની સાથે ખેલ ખેલવામાં આવે છે આ ઉપરાંત કેસર, કેસુડાના રંગને ચાંદીની પિચકારીમાં નાખી અને લોકોની પણ મંદિરોમાં એ પ્રવાહી રેડવામાં આવે છે .લોકો પણ એકબીજાની પર પિચકારીઓ ,ફુગા, ભીના અને સુકા રંગથીએકબીજાને રંગે છે ,અને આમ હોળી ઉત્સવ લગભગ બપોર સુધી ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવે છે. સાથે સાથે ગીતો ગવાય છે લોકો નાજ ગાન વિગેરે કરે છે અને આમ બપોર સુધી આ ઉત્સવને ઉજવણી કરે અને ત્યાર પછી સ્નાન કરી લોકો ભોજન લે છે.

હોળીના અને ફૂલ ડોલ ના દિવસે ખાસ વાનગી એ મગજના લાડુ હોતા હોય છે .લોકો ઘરે બનાવે છે હોળીમાં તેની પૂજા કરે છે અને બધા જ લોકોને આ પ્રસાદનું વેચે છે .આ ઉપરાંત ધાણી, દાળિયા, ખજૂર વગેરે પણ લોકો તેની પૂજા કરી અને પ્રસાદ રૂપે આપે છે.

હોળી અને ફુલ ડોલ આનંદનો દિવસ છે અને તે દિવસે નિર્દોષ રીતે લોકો આનંદ કરે તે સારું છે પરંતુ કેટલાક લોકો વિચિત્ર પ્રકારના રંગોથી લોકોને હેરાન પરેશાન કરે છે એ વસ્તુથી દૂર રહેવું જોઈએ.

આમ ફાગણીયો તહેવાર આનંદ પૂર્વક ઉજવવમાં આવેછે.

લેખકઃ- ★રતીલાલ વાયડા★
નવી મુંબઈ.૫/૪/૨૦૨૩.રવિવાર.

# દેશ ખેતીપ્રધાન અને ખેડૂત બેહાલ

બાબુભાઈ કે પ્રજાપતિ
રોટરી ક્લબ પાટણ

તાજેતરમાં ડુંગળીના ભાવને લઈને એક નવો ટોપિક ઉભો થયો વિરોધ પક્ષના લોકોને વિરોધ પ્રદર્શન કરી પોતાનો અસ્તિત્વ પુરવાર કરવાનો અવસર મળ્યો તે રીતે સોશિયલ મીડિયામાં રમૂજ કરી લોકોને આનંદ મેળવવાનો મોકો મળ્યો છે પરંતુ જેના અસ્તિત્વનો ખતરો ઉપર થયો છે તે તે છે ભારતની ખેતી અને માત્ર ખેતી ઉપર નફતા ભારતના ખેડૂતો ૧ માર્ચ ના માર્કેટ યાર્ડના બિલ જે અનેક જગ્યાએ મીડિયામાં આવ્યા છે તે મુજબ પોતાની મહેનતથી અને ખેત ઉત્પાદન કરવામાં આવેલા અનેક ખર્ચથી પોતાનું ઉત્પાદન જયારે માર્કેટમાં વેચવા જાય અને ખેડૂતને કંઈ મળવાના બદલે દલાલી અને ખરાજ પેટે જયારે વેપારીને અમુક રકમ ચૂકવવાનો સમય આવે છે તે આપણા માટે આપણી સિસ્ટમ માટે શરમજનક બાબત કહેવાય

નાનામાં નાની સોયથી લઈને સોનાની લગડી સુધીની કોઈપણ ચીજ વસ્તુઓનો ભાવ ખરીદનાર નહીં પરંતુ વેચનાર કે બનાવનાર નક્કી કરે છે ત્યારે માત્ર ખેત પેદાશો જ એવી વસ્તુ છે કે જેનો ભાવ વેચનાર નહીં પરંતુ ખરીદનાર નક્કી કરે છે અને એ પણ એ જ ખેતપેદાશ માત્ર ખેડૂત થી માર્કેટ સુધી જ આ સિસ્ટમ છે જ્યારે વેપારીએ ખરીદેલી એ જ પ્રોડક્ટ પાછી બીજા વેપારીથી લઈ બજારમાં ગ્રાહક પાસે આવે ત્યારે એનો ભાવ પાકો

લેનાર નક્કી કરે છે આવું એટલા માટે શક્ય છે કે ભારત ખેતીપ્રધાન દેશ છે ને ખેડૂત માત્ર ભારતનો નહીં જગતનો તાત છે એવી ખોખલી વાતોથી આપણે તેમને સમજાવી દીધા છે

આ બધી સમસ્યાના મૂળમાં કંઈક ખેડૂતોને પોતાની પણ આડકતરી રીતે ભૂમિકા છે તે રીતે કે ખેડૂતોના ઉત્પાદનને જે મંડળી કે માર્કેટમાં વેચવામાં આવે છે તે ખેડૂતોને ખેડૂતોની પોતાની ઊભી કરેલી સહકારી મંડળી હોય છે જેના સભ્યો માત્ર ખેડૂત હોય છે અને આવા વેપારી પણ એવી રીતે ખેડૂતને ભૂલી ગયા છે જે રીતે સામાન્ય પરિવારમાંથી જાહેર પરીક્ષા આપી જાહેર સેવા માં પસંદ પામેલ અધિકારી પોતે સામાન્ય પરિવારમાંથી આવે છે તે ભૂલી પોતાનું કરવા લાગે છે અને આપણા સમાજમાંથી સારી નામના અને સારી સેવા કરનાર ચૂંટણી જીત્યા પછી એ જ લોકોને ભૂલી પોતાનું કરવા લાગે છે એ રીતે આવા માર્કેટયાર્ડ પણ સવારે હરાજીમાં ખેડૂતના માલની નહિ પણ પૂરી ખેતીની હરાજી કરી નાખે છે આવા સમયે કટાક્ષ કરનારા લોકો એમ પણ કહે છે કે ખેડૂતોએ મત આપી સરકાર બનાવી છે પરંતુ ખેડૂત મતદાર હોતો નથી એવી આપણી સિસ્ટમ થઈ ગઈ છે અત્યારે ખેડૂત તરીકેની ખરાબ પરિસ્થિતિમાં એકબીજા સાથે રહેતા ખેડૂતો જ્યારે ચૂંટણી આવે ત્યારે ખેડૂત તરીકે નહિ પણ પોતાની જ્ઞાતિ તરીકે વોટર બની જાય છે તે સમયે તેનો મત ખેડૂત તરીકે નહીં પણ પાટીદાર તરીકે ઠાકોર કે અન્ય જ્ઞાતિના મતદાર તરીકે થતો હોય છે જ્યાં સુધી ખેડૂત પોતાની રીતે પોતાના માટે વિચારતો કે કામ કરતો નહીં થાય ત્યાં સુધી આજે ડુંગળી છે તો કાલે ટામેટા હશે બીજા વર્ષે કોઈ બીજા પાકની દૂરદશા હશે તે પાક ના નામ બદલાશે પરંતુ ખેડૂતો એનો એ જ રહેવાનો છે માત્ર વાતો પૂરતો જગતનો તાત બનીને રહી ગયેલ ખેડૂત પોતાના સંતાનોના પિતા તરીકે તેમના પાલનપોષણ કરવામાં સક્ષમ રહે તેવા સમયની અભિલાષા સાથે.

# લોકશાહી અમારા લોહીમાં છે, ન્યાયતંત્રને વિપક્ષ બનવા દબાણ કરી શકાય નહીંઃ કિરેન રિજિજુ

નવીદિલ્હી,તા.૫

કેન્દ્રીય કાયદા મંત્રી કિરણ રિજિજુએ ફરી એકવાર ન્યાયતંત્રને લઈને નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, ભારતીય ન્યાયતંત્રને ક્યારેય વિપક્ષ બનવા માટે દબાણ કરી શકાય નહીં.

કાયદા મંત્રીએ ઓડિશાના ભુવનેશ્વરમાં કેન્દ્ર સરકારના કાયદા અધિકારીઓની કોન્ફરન્સને સંબોધિત કરતી વખતે આ વાત કરી હતી. તેમણે કહ્યું કે, ભારત વિરોધી વિદેશી દળો ટુકડે ટુકડે ગેંગની મદદથી ભારત પર હુમલો કરે છે.

કિરેન રિજિજુએ કહ્યું કે, ભારતીય ન્યાયતંત્ર સ્વતંત્ર છે અને ન્યાયતંત્રને ક્યારેય વિપક્ષની ભૂમિકા ભજવવા દબાણ કરી



શકાય નહીં. ભારતીય લોકશાહી પર કોઈ પ્રશ્ન કરી શકે નહીં કારણ કે લોકશાહી અમારા લોહીમાં છે. રિજિજુએ કહ્યું કે, આઝાદીના નામે કોઈને કંઈ કરવાની મંજૂરી આપી શકાય નહીં, જો આવું થશે તો કાયદો અને વ્યવસ્થાનું શું!

કાયદા મંત્રીએ કહ્યું કે, ટુકડે-ટુકડે ગેંગના સભ્યોએ સમજવું જોઈએ કે નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતે સંપૂર્ણ કાયાકલ્પની યાત્રા શરૂ કરી છે. આ ગેંગને ભારત વિરોધી વિદેશી શક્તિઓની મદદ મળે છે. આ દળો ભારતીય લોકશાહી, ભારત સરકાર, ન્યાયતંત્ર અને આર્મી, ચૂંટણી પંચ અને તપાસ એજન્સીઓ જેવી અન્ય મહત્વપૂર્ણ સંસ્થાઓ પર હુમલા કરવાનું ચાલુ જ રાખે છે.

આ કાર્યક્રમ દરમિયાન કાયદા મંત્રીએ કહ્યું કે, દેશની અંદર અને બહારથી બતાવવાના પ્રયાસો થઈ રહ્યા છે કે ભારતીય ન્યાયતંત્ર મુશ્કેલીમાં છે.

તેમણે કહ્યું કે, આ દુર્ભાગ્યપૂર્ણ છે કે જજોને સોશિયલ મીડિયા પર સારા અને ખરાબ કહેવામાં આવે છે, જો સરકાર વિશે આવી વસ્તુઓ થાય છે તો તેનું સ્વાગત છે પરંતુ ન્યાયતંત્ર માટે આ પ્રકારની ટીકા સમાન છે.

NEWS OF GANDHINAGAR_P-3

NEWS OF GANDHINAGAR_P-4

# ગૃહ રાજયમંત્રીશ્રી હર્ષ સંઘવીની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં 'શૂરવીર - એક શામ ગુજરાત પોલીસ કે નામ' રંગારંગ કાર્યક્રમ યોજાયો

### ટીવી ચેનલ 'ભારત ૨૪' અને સ્વરોત્સવ ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે યોજાયો પોલીસ સન્માન કાર્યક્રમ

**આજે ગુજરાત દેશમાં સૌથી સુરક્ષિત રાજ્ય બન્યું છે, એનો શ્રેય ગુજરાત પોલીસને જાય છે**

**પોલીસ પ્રત્યેનો દૃષ્ટિકોણ બદલવો જરૂરી છે**

**પોલીસે ૧૦૦૦થી વધુ વ્યાજખોરોને જેલમાં ધકેલીને સામાન્ય પ્રજાને વ્યાજખોરોની ચુંગાલમાંથી બહાર કાઢ્યા છે**



અમદાવાદ,

અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ગૃહ રાજયમંત્રીશ્રી હર્ષ સંઘવીની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં 'શૂરવીર - એક શામ ગુજરાત પોલીસ કે નામ' કાર્યક્રમ યોજાયો, જેમાં ગુજરાત પોલીસના કર્મીઓને તેમની કર્તવ્યપરાયણતા અને વિશિષ્ટ કામગીરી માટે સન્માનિત કરવામાં આવ્યા.

આ પ્રસંગે ગૃહ રાજયમંત્રીશ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, ગુજરાત પોલીસે વર્ષોવર્ષથી અનેક પડકારોનો સામનો કર્યો છે. આજે ગુજરાત દેશમાં સૌથી સુરક્ષિત રાજ્ય બન્યું છે, એનો શ્રેય ગુજરાત પોલીસને જાય છે. ગુજરાત પોલીસ રાજ્યની પ્રજાની સલામતી માટે હરહંમેશ કાર્યરત રહી છે. ટ્રાફિક નિયમન, જાહેર સુરક્ષા, પેટ્રોલિંગ, ગુન્હાખોરી અટકાવવા સહિત ફૈં બંદોબસ્ત સહિતના અનેક કામોમાં પોલીસ વિભાગ રાત દિવસ કામ કરતું હોય છે. ગુજરાત પોલીસને પ્રોત્સાહન આપતા આવા કાર્યક્રમો તેમનું મનોબળ વધારે છે, એમ તેમણે ઉમેર્યું હતું.

મંત્રીશ્રીએ ગુજરાત પોલીસની કામગીરી વિશે વધુ વાત કરતા જણાવ્યું હતું કે, ગુજરાત પોલીસે દેશના યુવાનોને ડ્રગ્સની બદીથી બહાર કાઢવા માટે સ્પેશિયલ ઝૂંબેશ અંતર્ગત ભારત-પાકિસ્તાન સરહદ પર ગોળીઓનો સામનો કરીને ડ્રગ્સ પકડ્યું છે. ગુજરાત પોલીસે પોતાના સાહસ અને શૌર્યથી ડ્રગ્સના નેટવર્કનો પર્દાફાશ કર્યો છે.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે આ વર્ષે નાગરિકોને વ્યાજખોરો દ્વારા થતા શોષણમાંથી બહાર લાવવા માટે પોલીસ વિભાગ દ્વારા વિશેષ કાર્યવાહી કરીને ૧૦૦૦થી વધુ વ્યાજખોરોને જેલમાં ધકેલીને સામાન્ય પ્રજાને વ્યાજખોરોની ચુંગાલમાંથી બહાર કાઢ્યા છે. સામાન્ય પ્રજાના રક્ષણ માટે સતત વ્યસ્ત પોલીસ કર્મચારીઓ ઘણી વખત પોતાના પારિવારીક અને સામાજિક કાર્યોમાં સહભાગી થઈ શકતા નથી કે તહેવારો ઊજવી શકતા નથી, આથી આ પ્રકારના કાર્યક્રમો દ્વારા એમની સેવાને મૂલવવી જોઈએ. એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે પોલીસ પ્રત્યેનો દૃષ્ટિકોણ બદલવો જરૂરી છે. ગુજરાત પોલીસનાં સારાં કાર્યોને બિરદાવવાનો અભિગમ અપનાવવો જોઈએ, એમ તેમણે ઉમેર્યું હતું.

આ મનોરંજન પ્રસંગમાં ભૂમિ ત્રિવેદી, આરજે આકાશ, નારાયણ ઠાકર, કિંજલ દવે, અંકિત ત્રિવેદી, ઓજસ રાવલ સહિતના કલાકારોએ પોતાના પરફોર્મન્સ દ્વારા શ્રોતાઓને ડોલાવ્યા હતા. આ પ્રસંગે રાજ્ય પોલીસવડા શ્રી વિકાસ સહાય, 'ભારત ૨૪'ના વડા જગદીશ ચંદ્ર, ધારાસભ્ય શ્રી કૌશિક જૈન, 'ભારત ૨૪' અને સ્વરોત્સવ ફાઉન્ડેશનના કર્મચારીગણ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજ્યમાં નાનામાં નાના માનવીને શ્રેષ્ઠ સારવાર સુવિધા મળે તે માટે સરકાર હંમેશાં પ્રયત્નશીલ છે - મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ




મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, રાજયમાં નાનામાં નાના, ગામડાના માનવીને પણ શ્રેષ્ઠ આરોગ્ય સારવાર સુવિધા આપવા સરકાર હંમેશાં પ્રયત્નશીલ છે.

મુખ્યમંત્રીશ્રીએ અમદાવાદના અસલાલીમાં નવનિર્મિત આશાભાઈ પુરુષોત્તમદાસ અમીન આરોગ્યધામનું લોકાર્પણ કર્યું હતું.

રાજ્યસભાના સાંસદ શ્રી નરહરિ અમીનના સાંસદ આદર્શ ગ્રામ અસલાલીમાં શરૂ થઈ રહેલું આરોગ્યધામ આસપાસની ગ્રામીણ પ્રજા માટે આરોગ્યલક્ષી સુવિધાનું મહત્ત્વનું ધામ બનશે, એવી અપેક્ષા મુખ્યમંત્રીએ દર્શાવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સૌના આરોગ્ય, શિક્ષણ અને સલામતીની ચિંતા કરી છે અને પ્રાધાન્ય આપ્યું છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર આ દિશામાં કાર્ય કરે છે, પરંતુ જયારે તેમાં સેવાભાવી સંગઠનો, દાતાઓ, સ્વૈચ્છિક સંસ્થાઓનો સહયોગ મળે ત્યારે ઉત્કૃષ્ટ પરિણામો મળે છે, તેમ પણ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ કિડનીના રોગના દર્દીઓને જરૂરિયાતના સમયે નજીકના સ્થળે ડાયાલિસિસ સુવિધા મળી રહે તે માટે દરેક તાલુકામાં 'વન નેશન - એવન ડાયાલિસિસ' અન્વયે ડાયાલિસિસ સેન્ટર્સ કાર્યરત હોવાની પણ ભૂમિકા આપી હતી. એટલું જ નહીં કેન્સરના રોગીઓ માટે જિલ્લાઓમાં કિમો થેરાપી કેન્દ્રો પણ શરૂ કરાયાં છે, એમ તેમણે કહ્યું હતું.

શ્રી ભૂપેન્દ્ર પટેલે સમાજમાં નાની વયના લોકોમાં પણ કેન્સર, હૃદય રોગ, ડાયાબિટીસ જેવી બીમારીઓના વધતા પ્રમાણ અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

આ સંદર્ભમાં તેમણે જણાવ્યું કે, ખેતીમાં રાસાયણિક ખાતરો - દવાઓના ઉપયોગને અટકાવી પ્રાકૃતિક ખેતીને વધુ વ્યાપક બનાવવી પડશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશની આત્મનિર્ભરતા સાથે ભાવિ પેઢી તંદુરસ્ત, રોગ મુક્ત રાખવા પ્રાકૃતિક ખેતીના પ્રોત્સાહનનું આહવાન કર્યું છે તેનો વિશેષ ઉલ્લેખ મુખ્યમંત્રીશ્રીએ કર્યો હતો.

ગુજરાતમાં ત્રણ લાખ જેટલા ખેડૂતોએ રાજ્યપાલશ્રીની પ્રેરણા - માર્ગદર્શનમાં પ્રાકૃતિક ખેતી અપનાવી છે એમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ દેશના અમૃતકાળમાં નિરોગી નિરામય ગુજરાતથી આત્મનિર્ભર - વિકસિત ભારત માટે પ્રાકૃતિક ખેતી માટે પ્રેરક આહવાન પણ કર્યું હતું.

આ આરોગ્યધામના લોકાર્પણ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતાં રાજ્યસભાના સાંસદ અને મણીબેન હીરાલાલ અમીન ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ શ્રી નરહરિ અમીને જણાવ્યું હતું કે, આજે લોકાર્પણ થયેલ આ આરોગ્યધામમાં અસલાલી અને આજુબાજુના ગામોના ગ્રામજનો માટે ફિઝિયોથેરાપી સેન્ટર, પેથોલોજી લેબોરેટરી, કન્સલ્ટિંગ ડોક્ટરની સેવાઓ અને જુદા જુદા રોગોના ડોક્ટરો દ્વારા દર્દીઓનું નિદાન, કાઉન્સેલિંગ સેન્ટર, જેનેરીક દવાની દુકાન સહિતની સુવિધાઓ ઉપલબ્ધ હશે એમ તેમણે ઉમેર્યું હતું.

અસલાલી ગામના વિકાસકાર્યો વિશે વાત કરતાં શ્રી નરહરિ અમીને જણાવ્યું હતું કે, સંસદસભ્ય તરીકે સાંસદ આદર્શગ્રામ યોજના હેઠળ મારા દ્વારા અસલાલી ગામને દત્તક લેવામાં આવેલ છે. ગામમાં વિવિધ વિકાસકાર્યો માટે ?૨૬ લાખ જેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી છે એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

આ પ્રસંગે કુલ ૧૮ દિવ્યાંગ બાળકોને હીઅરીંગ-એઈડ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું, જેમાંથી ૨ બાળકોને પ્રતીકાત્મક સ્વરૂપે મંચ પરથી મુખ્યમંત્રીશ્રી અને આમંત્રિત મહાનુભાવોના હસ્તે કીટ એનાયત કરવામાં આવી હતી. આ ઉપરાંત, આ પ્રસંગે નવનિર્મિત આરોગ્યધામના સૌ દાતાશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ આરોગ્યધામ લોકાર્પણ પ્રસંગે કેન્દ્રીય રાજ્યમંત્રી અને સાંસદ શ્રી દેવુસિંહ ચૌહાણ, દસક્રોઈના ધારાસભ્ય શ્રી બાબુભાઈ પટેલ સહિત મણીબેન હીરાલાલ અમીન ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી ગણ, સેક્રેટરી અને અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યાં હતા.

# ઉપલેટામાં સિદ્ધનાથ ચેરીટેબલ ટ્રસ્ટ અને પોલીસ પરિવાર દ્વારા તાલુકા પોલીસ માટે મેડિકલ ફિટનેસ ચેકઅપ કેમ્પ યોજવામાં આવ્યો

## આ તકે બે શ્રેષ્ઠી ઓ ને ઉપલેટા રત્ન તરીકે સન્માનિત કરવામાં આવ્યા




ઉપલેટા ,

રાજકોટ જિલ્લાના ઉપલેટા કોટેજ હોસ્પિટલ ખાતે ઉપલેટા રહેર તાલુકા ના પોલીસ જવાનો માટે સિદ્ધનાથ ચેરીટેબલ ટ્રસ્ટ ના સહયોગથી સમાજની રક્ષા કરતા પોલીસ જવાન માટે જનરલ મેડિકલ ફિટનેસ ચેકઅપ કેમ્પ યોજવામાં આવ્યો હતો જેમાં ઉપલેટા , પાટણવાવ અને ભાયાવદર પોલીસ સ્ટેશનના ૧૨૫ થી વધારે પોલીસ જવાનોના હેલ્થ ચેકઅપ કરવામાં આવ્યા હતા .

આ મેડિકલ કેમ્પ માં તમામ પોલીસ કર્મચારીના ફિટનેસ અને રૂટિન ચેકઅપ જેવા કે બ્લડ ગ્રૂપ, બ્લડ પ્રેસર, ઇ સી જી., હિમોગ્લોબીન, સુગર, થાયરોઈડ તેમજ આંખોને લગતા તમામ ચેકઅપ કરવામાં આવ્યા હતા

સરકાર શ્રી ના હેલ્થ કાર્ડ ની ગાઈડલાઈન મુજબ આ કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું અને ભવિષ્યમાં કોઈપણ રોગ માટે દવા ની જરૂર પડ્યે હેલ્થ કાર્ડ દ્વારા દવા ફ્રી માં મળી રહે તેવું આ આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં ૧૨૫ થી વધુ જેન્સ તેમજ લેડીઝ પોલીસ કર્મચારીઓનું તમામ હેલ્થ ચેકઅપ કરાયું હતું

આ કાર્યક્રમમાં ઉપલેટા પોલીસ સ્ટાફ, તેમજ સિદ્ધનાથ ચેરીટેબલ ટ્રસ્ટ ના જયેશભાઈ ત્રિવેદી. ડો.રાજેશભાઈ ત્રિવેદી જગદીશભાઈ પૈડા. નીલુભાઈ ગોંધીયા. વિક્રમસિંહ સોલંકી. મનુભાઈ બારોટ સહિત તમામ કાર્યકરો તેમજ જિલ્લા ભાજપ પ્રમુખ મનસુખભાઈ ખાચરિયા, દિનેશભાઈ અમૃતિયા. મયુરભાઈ સુવા. ભાવેશભાઈ સુવા. કિરીટ ભાઇ પાદરીયા.ધયનાતભાઇ સુવા.ગુણવંભાઈ રણીગા મંજુબેન માકડીયા. પુષ્પાબેન ભારાઈ. ભગવાનદાસ નિરંજની તેમજ રાજકોટ જિલ્લા ડી વાય એસ પી રોહિતસિંહ.ડોડીયા. તેમજ ઉપલેટા પીઆઇ કે કે જાડેજા ડોક્ટર ખ્યાતિબેન કેશવાલા તેમજ હોસ્પિટલ સ્ટાફ સહિત બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા આ તકે ઉપલેટાના સેવાભાવી એવા બે જાણીતા શ્રેષ્ઠિઓ પુનિતભાઈ ચોવટીયા તેમજ દેવેનભાઈ ધોળકિયા ને ઉપલેટા રત્નથી સન્માનિત કરવામાં આવ્યા હતા ઉપલેટા રત્ન થી સન્માનિત કરેલ.

# બોગસ પીએસઆઇ ભરતી મામલે મોટી કાર્યવાહી, ૪ એડીઆઇ અને ૨ પીઆઇને સસ્પેન્ડ કરાયા

અમદાવાદ,તા.૫

બોગસ પીએસઆઇ મયુર તડવી ભરતી મામલે મોટી કાર્યવાહી કરવામાં આવી છે. આ કેસમાં ૪ એડીઆઇ અને ૨ પીઆઇને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ગાંધીનગરના કરાઇ ખાતે પીએસઆઇની તાલીમ લેતા ડમી ઉમેદવાર મયૂર તડવીને ઝડપી લેવાયો હતો. મયૂર તડવી પર દસ્તાવેજોમાં છેડછાડ કરીને કરાઈ ખાતે પીએસઆઇની તાલીમ લેવાનો આરોપ છે. મયૂરે ભરૂચના વિશાલ રાઠવાના સ્થાને પોતાનું નામ યાદીમાં ઉમેર્યું હોવાનું સામે આવ્યું હતું.

૨ માર્ચના રોજ પીએસઆઇ ભરતી કૌભાંડના આરોપી મયુર તડવીને રિમાન્ડ પર મોકલાયો હતો. ગાંધીનગર કોર્ટે આરોપી મયુર તડવીના આઠ દિવસના એટલે કે ૧૦ માર્ચ સુધીના રિમાન્ડ મંજૂર કર્યા હતા. સુનાવણી દરમિયાન કોર્ટે બંને પક્ષની બેદરકારી હોવાની પણ ટકોર કરી હતી. આરોપી મયુર તડવીને કોર્ટમાં રજૂ કરી પોલીસે ૧૫ કારણો સાથે ૧૪ દિવસના રિમાન્ડની માગ કરી હતી, પરંતુ કોર્ટે બંને પક્ષની દલીલ સાંભળી આઠ દિવસના રિમાન્ડ માન્ય રાખ્યાં હતા.

અત્યાર સુધીની પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે મયુર તડવીએ મિત્ર પાસેથી સોશિયલ મીડિયા થકી લેટર મેળવ્યો હતો અને ત્યારબાદ માતા-પિતાને ખુશ કરવા લેટરને મોબાઇલમાં પીડીએફમાં એડિટ કરી પોતાનું નામ ઉમેર્યું હતું. એટલું જ નહીં મયુર પાસેથી પોલીસ યુનિફોર્મ અને સ્ટાર મળી આવ્યાં છે. કરાઈ સુધી પહોંચવામાં કોઇ રાજકીય સંડોવણી કે રાજકીય સપોર્ટ છે કે નહીં તેની તપાસ પણ જરૂરી છે.

૮ દિવસના રિમાન્ડ દરમિયાન પોલીસ મયુર તડવી સવા મહિનો કરાઇ એકેડમીમાં રહેલો હોવાથી તેની પાસે કરાઈની કોઇ ગુપ્ત વિગત છે કે નહીં.

### તસ્મૈ શ્રી ગુરવે નમઃ

# પરમપૂજ્ય પ્રાતઃ સ્મરણિય બ્રહ્મશ્રી પુરુષોત્તમ લાલજી મહારાજ નો ભવ્યાતિભવ્ય પ્રાગટ્યદિન મહોત્સવ ફાગણ વદ-૧ ધુળેટી



તાઃ- ૦૮/૦૩/૨૦૨૩ ને બુધવારના રોજ શ્રી શિવશક્તિ ગુરૂધામ આનંદ આશ્રમ દેકાવાડા મધ્યે એમના પ્રિતીપાત્ર શિષ્ય જેમણે ગૌમાતાને રાષ્ટ્રીય માતા જાહેર કરવાની નેમ સાથે સમગ્ર ભારતવર્ષમાં એક અનન્ય ગૌભક્ત તરીકે નામના મેળવી છે એવા પરમપૂજ્ય શ્રી કાલીદાસજી મહારાજના સાન્નિધ્યમાં એમના સંપૂર્ણ માર્ગદર્શન નીચે ઉજવવામાં આવનાર છે.

જેમાં સંતો - મહંતો,નામાંકિત કથાકાર - જ્યોતિષી ભૂદેવો સાથે ગુજરાતમાં સામાજીક અને રાજકીય ક્ષેત્રે નામના ધરાવતા બ્રહ્મ અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહી બ્રહ્મર્ષિ શ્રી પુરુષોત્તમ લાલજી મહારાજના પાવન વિચારોને ચરિતાર્થ કરવા કટીબદ્ધતા બતાવશે.

જ્યાં ગૌ સેવાની વાત હોય ત્યાં ગૌ બ્રાહ્મણ પ્રતિપાળ કહેવાતા ક્ષત્રિય સમાજના માનવંતા અગ્રણીઓ તો ખડેપગે હાજર જ હોયપ

સાથે ગૌ રક્ષક ટીમના સમગ્ર ગુજરાતના હોદ્દેદારો અને સ્વયં સેવકો સાથે જેમના હૃદયમાં ગુરૂદેવનું એક અલગ સ્થાન છે એવા ગુરૂભક્તો તો હજારોની સંખ્યામાં દેશવિદેશથી યથા યોગ્ય સહકારથી આ પ્રસંગને ઉજળો બનાવવા મહેનત કરી રહ્યા છે એમની ઉપસ્થિતિ સાથે આ વિરમગામ વિધાનસભા મતવિસ્તારના યુવા ધારાસભ્ય શ્રી હાર્દિક પટેલની ગૌદૂધ તુલા કરવામાં આવનાર છે એ સમયે મતવિસ્તારના રાજકીય હોદ્દેદારો અને કાર્યકરો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશેપ દરવર્ષે યોજાતા આ કાર્યક્રમમાં સમગ્ર ગુજરાતમાંથી મોટી સંખ્યામાં ભક્તો હાજર રહી ગુરૂમહિમાનું ગાન અને શ્રવણ કરી ધન્યતા અનુભવતા હોય છે.

# ઈક્રમ ટેક્ષ દિનેશ હોલ ખાતે નવજીવન ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત ડો.હરિકૃષ્ણ ડાહ્યાભાઈ સ્વામી સ્કૂલ ફોર મેન્ટલી ડિસેબલડ સંસ્થા ના ૩૦ વર્ષ નિમિતે એન્યુઅલ કાર્યક્રમ યોજાયો

**મનોદિવંયાગ વિદ્યાર્થીઓ ની ડાન્સ દ્વારા રામકથા ની પ્રસ્તુતી..**



નવજીવન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ડો.હરિકૃષ્ણ ડાહ્યાભાઈ સ્વામી સ્કુલ ફોર મેન્ટલી ડિસેબલડ ના દિનેશ હોલ ખાતે યોજાયેલ એન્યુઅલ ફંકશન માં સંસ્થા ના મનોદિવંયાગ વિદ્યાર્થીઓ એ ડાન્સ માધ્યમ થી રામ કથા રજુ કરી હતી.

જેમાં રામ વનવાસ, સીતા વનવાસ, હનુમાન મિલન,સંજીવની પર્વત, લવકુશ મિલન,હૃદય મે રામ, લંકા દહન...જેવી કથા ડાન્સ માધ્યમ થી ખુબ જ સુંદર રીતે પ્રસ્તુત કરવા માંઆવી હતી આ કાર્યક્રમ મા ગુજરાત ના જાણીતા ગાયક કલાકાર બકીમ પાઠક ( બીગ બી) દ્વારા એક યાદ રફીક કે બાદ નો મયુઝીકલ શો કરવા મા આવ્યો હતો જેમા વિવિધ સંસ્થા ઓના જાણીતા આગેવાન ડો નિતિન સુમન જમના દાસ પબલીકેશન ના રશમીકાનત શાહ.નૈનાબેન શાહ બકીમ પાઠક નુ સન્માન કરવા મા આવ્યુ હતુ તેમજ થાઈલેન્ડ ખાતે યોજાયેલ ડાન્સ કાર્યક્રમ મા ભાગ લેનાર વિદ્યાર્થીઓ નુ સન્માન કરવા મા આવ્યુ હતુ.

# રીલીફરોડ ઉપર આવેલી ધનાસુથારની પોળ




પોળની સહી સાથેનું આવેદનપત્ર આપવામાં આવ્યું

અંબાજી માતાજી નું જાગૃત મંદિર અન્ય નાના મોટા મંદિરો વચ્ચે પોળના રહીશો અસ્તિત્વ ટકાવવા સંઘર્ષ કરી રહ્યા છે કોમર્શિયલ ના દૂષણ, પોળના નાકે જયાં ત્યાં આવવા જવાના રસ્તા ઉપર વેપારીઓ માલસામાન મૂકે, દુકાનના બોર્ડ વધારે પડતા બહાર કાઢવાના લીધે પડતી તકલીફો, ટેમ્પાઓની ગેરકાયદેસર અવરજવર અને અધૂરામાં પૂરું પોળનાં રહીશો કંઈ કહેવા જાય તો વેપારીઓ દ્વારા દાદાગીરી કરવામાં આવે અને થોડા દિવસ પહેલા પોળના એક રહીશને માર મારવાની ઘટના ના જોરદાર પડઘા પડ્યા અને આ બધાથી કંટાળીને પોળના રહીશોએ એક બનીને ગઈકાલે બપોરે ૧૨ થી ૫ ટેમ્પાને પ્રવેશ બંધી અને નો પાર્કિંગ નો ચુસ્ત અમલ ના બોર્ડ લગાવી વિરોધ વ્યક્ત કરવામાં આવેલ છે અને માનનીય મ્યુનિ કમિશનર તેમજ લાગતાં વળગતા તમામ ને સમગ્ર

# ભરઉનાળે કચ્છના રાપરમાં વીજળી પડતા યુવાનનું મોત, ગ્રામજનોમાં શોકનું મોજુ ફરી વળ્યુ

ભુજ,તા.૫

કચ્છના રાપરમાં કમોસમી વરસાદ આફત લઈને આવ્યો છે. જાટાવાડના કાઢીધાર વાંઢમાં કમોસમી વરસાદ સાથે વીજળી પડતા એક આશાસ્પદ યુવકનુ મોત થયુ છે. મહત્વનું છે કે ભરઉનાળે વીજળીના કારણે યુવકનુ મોત થતા હાલ પરિવાર સહિત ગ્રામજનોમાં શોકનુ મોજુ ફરી વળ્યુ છે.

હવામાન વિભાગ દ્વારા રાજયમાં કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે.ખાસ કરીને સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં વરસાદ પડી શકે છે. જયારે કે અમદાવાદ અને ગાંધીનગરમાં વાદળછાયું વાતાવરણ રહેશે. ૨૪ કલાક બાદ વરસાદી સિસ્ટમ વધુ સક્રિય થશે. જેના કારણે વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધશે.તો દિવસ દરમિયાન લોકોને ભારે બફારાનો પણ અનુભવ થશે.છેલ્લા બે-ત્રણ દિવસથી ગુજરાતભરના વાતાવરણમાં પલટો આવ્યો છે અને ઘણા વિસ્તારોમાં કમોસમી વરસાદ ખાબક્યો છે, ત્યારે અમદાવાદ અને ગાંધીનગરમાં પણ વાદળછાયું વાતાવરણ અને કેટલાક જિલ્લામાં વરસાદ પડ્યો હતો. તેમજ અમદાવાદમાં મોડી રાતથી તીવ્ર ગતિએ પવન ફૂંકાવાની શરૂઆત થઈ હતી. તો સાથે જ વહેલી સવારે પણ તીવ્ર ગતિએ પવન ફૂંકાયો. તો આ તરફ ગાંધીનગરમાં પણ વાદળછાયા વાતાવરણ સાથે ઠંડકનો અનુભવ થયો હતો.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.